# અધ્યાત્મ

વર્ષ-૪
અંક-૧૧
ઑગસ્ટ-૧૯૮૩



## પરદેશના આજીવન સભ્ય

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના દક્ષિણ આફ્રિકાના પ્રવાસના અંતે તેઓશ્રીને ભારત પાછા ફરતાં એક રાત મોરિસિયસ રોકાવાનું થયું. તે સમયે શ્રી ભૂપેન્દ્રભાઇ દેસાઇનો પ્રથમ પરિચય થયો અને તેઓ અધ્યાત્મ માસિકના આજીવન સભ્ય બની ગયા. કેવો સરસ ભાવ ! એમને અભિનંદન.

૬૩. શ્રી. ભૂપેન્દ્રભાઈ એ. દેસાઇ, મોરિસિયસ રૂ.૧૫૦૧ ૦૦

## સદ્દભાવભરી ભેટ

'અધ્યાત્મ' પ્રત્યે વાંચકો સદ્ભાવ સેવે છે. એટલે સામેથી યાદ કરી સારા પ્રસંગોએ ભેટ મોકલાવે છે. છેલ્લે મળેલી ભેટની વિગતો નીચે પ્રમાણે છેઃ-

રૂા. ૨૫૦-૦૦ અમેરિકાનાં એક બહેન તરફથી.

રૂા. ૧૦૦-૦૦ શ્રી સુરેશભાઇ મિસ્ત્રી, ટોરેન્ટો (કેનેડા તરફથી.

રૂા. ૫૧-૦૦ કુ. રંજનબેન નટવરલાલ ઠાકર તરફથી જન્મ-દિન નિમિત્તે.


રૂા. ૫૧-૦૦ મહારાષ્ટ્ર બોર્ડીંગ હાઉસવાળા શ્રી દાસકાકા તરફથી પૌત્ર કિરણ પ્રદીપભાઇની ન્યુ. એસ. એસ. સી. માં સફળતા બદલ.

રૂા. ૨૧-૦૦ ભાવનગરના એક સાધકભાઈ તરફથી.

રૂા. ૫૧-૦૦ શ્રી કુસુમબેન કાન્તિલાલ શુકલ તરફથી બેન તૃપ્તિ (રેણુના) લગ્ન તેમજ ચિ. વિપુલના યજ્ઞોપવિત પ્રસંગે.

## સહાયક પેટ્રન

વડોદરના શ્રી જશભાઇ બી. પટેલ, એડવોકેટ અગાઉ આજીવન સભ્ય બનેલા. તેઓએ તે બદલે રૂા. ૨૫૧, ભરેલા હવે રૂા. ૨૫૦ વધારાના ભરી તેઓ સહાયક પેટ્રન બન્યા છે. અધ્યાત્મને સહાયભૂત થવાની તેમની ભાવના ખરેખર પ્રશંસનીય છે. તેઓને હ્રદયપૂર્વકના અભિનંદન.



પૂ. શ્રી યોગેશ્વરજી

## સ્વીકાર

બંધ બારણે ટકોરા મારીને
શ્યામે લીધી સ્વીકારી....

કેટકેટલા દિનોથી પોકારતી હું,
કીધી કસોટી ભારી ...શ્યામે.

મૌનમંદિરનો સાદ સંભળાયો,
આવ્યો અલખ જગાડી....શ્યામે.

જીંદગી સોંપી શ્રીચરણે એના,
નિશ્ચિંત બનતાં મ્હાલી....શ્યામે.

અણુએ અણુમાં આનંદ હેલી,
મસ્ત બનીને નાચી....શ્યામે.

સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૪ અંક : ૧૧ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
સાંઇકૃપા, જવાહર ચોક, ગોપાલકુંજના નાંકે
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
પૂજ્ય શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| ઇચ્છાશક્તિ | યોગેશ્વરજી | ૩ |
| મંગલ ભાવના | — | ૬ |
| ગુરુપૂર્ણિમા-અનોખા | | |
| આધ્યાત્મિક પર્વની ઉજવણી | બાબુભાઈ વોરા | ૮ |
| અધ્યાત્મ અંગે સૂચના | — | ૧૦ |
| મા કાલીના દર્શનની પૂર્વભૂમિકા | નારાયણ જાની | ૧૨ |
| એક અનોખી અનુભૂતિ | વિજય પુરોહિત | ૧૬ |
| શ્રીમદ્ ભાગવત સુધા (૫) | જનાર્દન દવે | ૨૨ |
| પ્રકાશના પંથે | દીપક પ્ર. મહેતા | ૨૫ |
| ઈન્દ્રિય મનાતીત જ્ઞાનલોચન (પ્રજ્ઞાદૃષ્ટિ) | ભાઈલાલભાઈ છાટબાર | ૨૮ |
| બિલીપત્ર | અકર્મી | ૩૨ |
| પ્રભુ મારી પૂરી કરોને આશ | મધુસૂદન બી. ઉપાધ્યાય | ૩૭ |
| જે ગમે સદ્‌ગુરુદેવને | સૂર્યકાંત લ. ભટ્ટ | ૩૮ |
| કેમ કરીને સમજાવું | રણજિત પટેલ | ૩૯ |
| સાધ્વી ભારતી મૈયા | પ્રપન્નલાલ કાજી | ૪૧ |
| ઉઠી શમવે તે સંત : ના ઊઠે તે ભગવંત | યોગેશ્વરજી | ૪૫ |
| અમરકૃતિ સાવિત્રી | આશા ત્રિવેદી | ૫૩ |
| મૌન સત્સંગનો મર્મ | યોગેશ્વરજી | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |
| ૧૫મી ઓગસ્ટનો કાર્યક્રમ | | ૬૪ |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૪ ઓગસ્ટ-૧૯૮૩ અંક : ૧૧


## ઇચ્છાશક્તિ

ઇચ્છાશક્તિ કેટલો બધો સુંદર શબ્દ છે! શબ્દ જેટલો સુંદર કે સરસ છે તેટલો જ સરસ એનો ભાવ છે. તેની પ્રતિક્રિયા પણ એટલી જ સરસ અને અસાધારણ છે. એની આવશ્યકતા આપણા જીવનમાં બધે જ પડે છે. ખાસ કરીને જીવનને સુખશાંતિથી સંપન્ન તથા સફળ કરવા માટે, આત્મવિકાસની અવનવી ક્ષિતિજોને ખોલવા કે વિસ્તારવા માટે, એની આવશ્યકતા લગભગ અનિવાર્ય હોય છે. પોતાની ઈચ્છાશક્તિને લીધે જ માતા શિશુને પોતાના ઉદરમાં ધારણ કરે છે, પ્રસૂતિ પછી ઉછેરે છે. વિદ્યાર્થી એ અદ્‌ભુત અસાધારણ ઇચ્છાશક્તિથી પ્રેરાઈને સ્કૂલમાં જાય છે, ભણે છે. શિક્ષક એને ભણાવે છે. ડોક્ટર, વકીલ, ન્યાયાધીશ, વેપારી, સાહિત્યકાર, શ્રમજીવી, કર્મચારી, સૈનિક, સેવક, રાજનીતિજ્ઞ સૌ ઇચ્છાશક્તિને કેળવે છે, સેવે છે, વધારે છે, વળગી રહે છે. નેપોલિયનની સેનાના શૂરવીર સૈનિકો આલ્પ્સ પર્વતને ઓળંગવાની આનાકાની કરવા લાગ્યા ત્યારે લોખંડી અચળ અસાધારણ ઇચ્છાશક્તિથી પ્રેરાએલા નેપોલિયને એમને પર્વતને પાર કરવાનો આદેશ આપેલો. એની ઈચ્છાશક્તિએ સેનાના સૈનિકોની અંદર નવીન શક્તિનો સંચાર કર્યો અને અસાધારણ મનાતો આલ્પ્સ પર્વત સહેલાઈથી ઓળંગી શકાયો. નેપોલિયને

કહેલું કે મારા શબ્દકોશમાં 'અશક્ય' નામનો કોઈ શબ્દ નથી. હું જે ધારું છું તે બધું જ કરી શકું છું. દૃઢ ઈચ્છાશક્તિથી સંપન્ન માનવના સંબંધમાં એવું જ સમજવાનું છે. એ જે ધારે છે તે બધું જ કરી શકે છે. સ્વામી રામતીર્થના શિષ્ય આનંદ સ્વામીએ એક વાર જણાવેલું કે અમે હિમાલયના પ્રચંડ પર્વતો પરથી પસાર થઈ રહેલા. સ્વામી રામ આગળ અને હું પાછળ. મારી પીઠ પર સામાન લાદેલો. માર્ગમાં અચાનક ધોધ આવ્યો. એને ઓળંગવાનું કે પાર કરવાનું કાર્ય કઠિન હતું. હું માર્ગમાં ઊભો રહ્યો. સ્વામી રામે કહ્યું કે આગળ ચાલો. મેં કહ્યું કે મારાથી નહિ ચલાય. સ્વામી રામે ધોધની પાસે પહોંચીને આદેશાત્મક અવાજે જણાવ્યું stop. અટકી જા અને મારા અસાધારણ આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો પર્વત પરથી પ્રચંડ વેગથી પડતો એ ધોધ આજ્ઞાંકિત સેવકની જેમ અચાનક બંધ પડયો. પછી સ્વામી રામતીર્થે અટ્ટહાસ્ય કરીને કહ્યું કે હવે આગળ ચાલો. અને હું ધીમેધીમે આગળ ચાલ્યો. સ્વામી વિવેકાનંદ, ચિકાગો-ની સર્વધર્મ પરિષદમાં પ્રખ્યાતિ પામેલા અને મહાત્મા ગાંધીજીએ અંગ્રેજ સલ્તનતની સામે વિરોધનો વંટોળ ઊભો કરેલો તે એવી મજગૂત ઇચ્છાશકિતને લીધે જ.

કેટલાક માણસો પ્રથમથી જ ઇચ્છાશક્તિથી રહિત દેખાય છે, તે હમેશાં કહે છે કે અમારાથી આ કામ નહિ જ થાય. તો બીજા માણસો માને છે કે અમે આ કાર્યને કરીશું જ. અમારે માટે કશું જ અશક્ય નથી. કઠિન હશે તો પણ અમે સરળ કરશું, માર્ગ કાઢીશું. અને એ માણસો ધારેલું કાર્ય કરે છે, કરી શકે છે. જ્યારે પેલા મનોબળ વગરના પ્રથમ માનવો કાર્યને કરતાં પહેલાં જ ભાંગી પડે છે, નાસીપાસ થાય છે, નાહિંમત બને છે. નિષ્ફળતાને વરે છે.

ઇચ્છાશક્તિને વધારવા માટે શું કરવું જોઈએ? ઈચ્છાશક્તિને વધારનારા સત્પુરુષોનો સમાગમ કરવો જોઈએ. એને પોષે અને પ્રબળ બનાવે એવાં પુસ્તકોને વાંચવાં વિચારવાં જોઇએ. ઈચ્છાશક્તિને ને



મજબૂત મનોબળને મારી નાખે કે મંદ પાડે એવા માનવો, દશ્યો તથા ગ્રંથોથી દૂર રહેવું જોઈએ. ઈચ્છાશક્તિને વધારવાનાં સાધનો અનેક છે પરંતુ મહત્વનું સાધન આત્મચિંતન છે. માનવ વિચારે કે હું આત્મા છું, શુદ્ધ, બુદ્ધ મુક્ત છું. જે ધારું તે કરી શકું છું. કર-વાની શક્તિ ધરાવું છું. મારા પર પરમકૃપાળુ પરમાત્માની કૃપા છે. અમીદૃષ્ટિ છે. એમનો અભય વરદ હસ્ત મારા મસ્તકપર સદા ફેલા-યેલો છે. એમની કૃપાથી કશું જ અસંભવ નથી. એવા વિચારોનો આધાર લેવાથી મન મજબૂત બને છે. ઈચ્છાશકિત દૃઢ થાય છે. કોઈ પણ કાર્યને કરવાનો અવસર આવે ત્યારે આ કામ મારાથી નહિ થાય એવો નિષેધાત્મક નિરાશાવાદી વિચાર કરવાને બદલે આ કામ મારાથી થઇ શકશે, થશે, હું એને કરીશ, એવા વિધેયાત્મક આશા-વાદી વિચારથી શરૂઆત કરીએ. તો ઈચ્છાશક્તિને જાગવવામાં ને વધારવામાં મદદ મળશે.

—શ્રી યોગેશ્વરજી

**અમુક લોકોને નમ્રતાનું અભિમાન હોય છે—પોતે અભિમાની નથી એ વાતનું જ અભિમાન.**

*

**મોટામાં મોટું દૂષણ છે કે પોતાના એક પણ દૂષણ વિશે માણસ સભાન ન હોય.**

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિન નિમિત્તે

# મંગલ ભાવના

તારીખ ૧૫ મી ઓગસ્ટ ૧૯૨૧.

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પાર્થિવ તનુનો આ પૃથ્વીના પટ ઉપર પ્રાકટ્ય દિન. આપણુ સહુ સાધકો માટે એ મંગલદિન છે, કારણુ કે પૂ. શ્રીની આત્મિક અનુભૂતિ ને શાંતિની સંપ્રાપ્તિનાં દર્શન ને સ્પર્શન એથી જ આપણે સહુ પામી શકયા છીએ. કેવળ ભારત જ નહિ, પરંતુ ભારત બહાર પણુ અનેક દેશોના આત્મિક ઉત્થાનની ઝંખના રાખતા જીવોને એમનાં પ્રેરક લખાણો, પ્રત્યક્ષ પરિચય કે મૌન સત્સંગના સાન્નિધ્યમાં, પ્રેરણાનાં પીયૂષ પ્રાપ્ત થયાં છે. એ સહુ માનવોના જીવનમાં નવજીવનનાં પ્રભાત પ્રકટયાં છે ને તેઓને વ્યસનો, વ્યાધિઓ ને માનસિક પરિતાપોના તનાવમાંથી મુકિતની મૌજની નવી લહર પ્રાપ્ત થઈ છે.

એ બધા કલ્યાણુ પથના યાત્રી બન્યા છે. ઠીક રસ્તે ગોઠવાયા છે. પરિણામે નજીકના ભવિષ્યમાં કે લાંબે ગાળે જીવન ધારણની મંજિલે-આત્મ સાક્ષાત્કારની અવસ્થાએ તેઓ સર્વ પહોંચશે એ નક્કી છે.

જેના દ્વારા જીવન પ્રાપ્ત થયું એ માતપિતાના આપણે અવશ્ય ઋણી છીએ. પરંતુ જે ગુરૂએ અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરી, જીવનધારણનો હેતુ સમજાવ્યો, એ માટેની સાધના દર્શાવી, મંત્ર આપી આત્મિક શકિતઓની જાગૃતિ કરાવી, અને બદલામાં કશીય અપેક્ષા વિના આ સહુનું દાન કર્યું, તે ગુરૂને-આ પૃથ્વી પરના આપણુ સહુ માટેના પ્રકટપ્રભુને-આપણે કેમ ભૂલી શકીએ ! એમનું ઋણુ શેં અદા કરી



શકીએ ! એવા ગુરુના પાર્થિવતનુનો જન્મદિન એ આપણા સહુ માટેની મુકિતની મંગલ ઘડીજ લેખાય. એવા સર્વસમર્થ પરમાત્મદર્શી આત્મતૃપ્ત મહાપુરુષને તો આપણે શું આપી શકવાના ! એક માનવ તરીકે આપણે આટલું કરી શકીએ-આપણી મંગલ ભાવના વહાવીએ " **પ્રભુ એમને ખૂબ-ખૂબ લાંબુ સ્વાસ્થ્યપૂર્ણ આયુષ્ય આપો ને એમના દ્વારા આ દુનિયામાં અનેક સંતપ્ત જીવો શાંતિ, સુખ ને આત્મિક ચેતનાનો સ્પર્શ પામો."**

શ્રી યોગેશ્વર પરિવારના સમગ્ર સાધકો
વતી તંત્રી.

---

### " મારી દૃષ્ટિએ મહાત્મા શ્રી યોગેશ્વરજી "

આ વર્ષે પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિન ૧૫મી ઓગસ્ટે એક વિશિષ્ટ અંક પ્રસિદ્ધ કરવાનો વિચાર મોડો સૂઝયો, એટલે તે માટેના લેખો એકત્રિત કરીને, મૂકવાનું હવે શકય નથી. આમ છતાં ભવિષ્યમાં એવો અંક પ્રસિદ્ધ કરી શકાય તે હેતુથી લેખકો અને સાધકોને " મારી દૃષ્ટિએ મહાત્માશ્રી યોગેશ્વરજી "-વિષેના લેખો મોકલાવવા વિનંતી છે. પૂ. શ્રીની આત્મિક સાધના, એમનો લોકોત્તર વ્યવહાર, એમના પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયના પ્રેરણાદાયક પ્રસંગો કે અનુભૂતિઓને એમાં આવરી લઈ શકાય.

લખાણુની ભાષા સાદી ને સરલ રાખવા વિનંતી છે. લખાણુ મોટા અક્ષરે ને કાગળની એક બાજુ હોવું જરૂરી છે.

—તંત્રી

# ગુરુ પૂર્ણિમા—અનોખા આધ્યાત્મિક પર્વની ઉજવણી

શ્રી બાબુભાઈ વોરા

ગુરુ પૂર્ણિમાનું અનોખું આધ્યાત્મિક પર્વ તા. ૨૪-૭-૮૩ ના રોજ અમદાવાદના ખ્યાતનામ શિવાલય કામેશ્વર મહાદેવના હોલમાં ઉજવાયું. આ પ્રસંગે, સવારના પ. પૂ. શ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના પૂજન વંદનમાં પાંચસો જેટલાં ભાઈ—બહેનોએ ભાગ લીધો.

અમદાવાદના મહાત્મા યોગેશ્વર ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી બહારગામથી આવેલ સાધક ભાઈ બહેનો માટે ઉતારા તેમજ ભોજનની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

પૂજન—અર્ચન પહેલાં એક કલાક માટે ધ્યાનની બેઠક રાખવામાં આવી હતી. અમદાવાદનાં ધ્યાનકેન્દ્રોના સંચાલક શ્રી બાબુભાઈ વોરા તેમજ શ્રી મંગલભાઈ પંચાલે આ પ્રસંગે માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

ગુરૂ તેમજ મહાદેવનું પૂજન—આરતી વગેરે બ્રાહ્મણોના હસ્તે કરાવવાનો એક અભિનવ પ્રયોગ પણ અમારા તરફથી પ્રયોજવામાં આવ્યો હતો.

પૂ. શ્રીએ સાધકોને ઉદ્‌બોધન કરતાં કહ્યું હતું કે ગુરુઓ અને સદ્‌ગ્રંથોમાં શ્રદ્ધા રાખો. જીવનમાં કેટલીક અનુભૂતિઓ બુદ્ધિ કે ઇન્દ્રિયગમ્ય નથી, પરંતુ તેથી ઉપરના પ્રદેશની છે. એટલે તે માટે શ્રદ્ધા રાખવી જોઈએ.

આ અનોખા આધ્યાત્મિક પર્વના દિવસે સાધકોએ પોતપોતાના સાધનાત્મક જીવનનું સરવૈયું કાઢી નવા વર્ષ માટેના શુભ સંકલ્પો કરવા જોઈએ તેમજ તેમના અમલ માટે પ્રયત્નો આરંભવા જોઈએ.



સંતપુરુષોના આશીર્વાદ તો સતત વરસતાજ રહે છે. કૃપા માગે તેને મળે છે, એ ન્યાયે સાધકે ઈશ્વર અને સંતો પ્રત્યે બને તેટલા વિશેષ અભિમુખ થતા રહેવું જોઈએ.

ગુરુપૂર્ણિમા નિમિત્તે શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી હરિભાઈ ભોજાણી, શ્રી ઈશ્વરભાઈ ભક્ત ને શ્રી નારાયણભાઈ જાનીએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

આ પર્વ નિમિત્તે, મુંબઈ, સુરત, વડોદરા, વિદ્યાનગર, પાલનપુર, રાજકોટ, મોરબી, ભાવનગર વગેરે સ્થળોએથી સાધક ભાઈ બહેનો સારી સંખ્યામાં એકત્રિત થયાં હતાં.

વળી ભાવનગરના સાધક ભાઈ બહેનોની લાગણીને માન આપી તા. ૨૨-૭-૮૩ના દિને સાંજે ભાવનગર ખાતે ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂ. શ્રીનું તેમજ પૂ. માનું પૂજન—અર્ચન કરવાની છૂટ તેઓએ આપી હતી. તેમાં સારી એવી સંખ્યામાં સાધક ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

પૂ. શ્રીએ ગુરુપૂર્ણિમાના દિનનું મહત્ત્વ સમજાવ્યું હતું.

એકલી શ્રદ્ધા વડે બહુ ઓછું સિદ્ધ કરી શકાય છે, પણ સમૂળગી શ્રદ્ધા વિના તો કશું સિદ્ધ થતું નથી.

*

શ્રદ્ધા રાખવી મુશ્કેલ છે, અશ્રદ્ધા રાખવી અશક્ય.

# અધ્યાત્મ અંગે સૂચના

'અધ્યાત્મ' માસિક ઓકટો. ૮૪ના રોજ ચાર વર્ષ પૂરાં કરી પાંચમામાં પ્રવેશ કરે છે. એટલે ઓકટો. ૮૪ની અધ્યાત્મની નકલ આપને વેળાસર મળી જાય તે માટે, આપ સવેળાજ અધ્યાત્મનું આપનું લવાજમ મોકલાવી દો, એવી વિનંતિ છે. લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલાવી શકાય છે.

નારાયણભાઈ હ. જાની
તંત્રી અધ્યાત્મ, પ્લોટ નં. ૧૬૮૮બી, સરદારનગર
ભાવનગર ૩૬૪ ૦૦૧

પરદેશના ગ્રાહકોને પણ તેમનું લવાજમ ઉપરોક્ત સરનામે બ્રીટીશ પોસ્ટલ ઓર્ડર અગર તો ભારતીય ચલણમાં મોકલવા વિનંતિ છે. સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટના નામે ડ્રાફ્ટ મોકલાવી શકાય છે.

ભારતમાં જે ગ્રાહકો ધ્યાન કેન્દ્રો મારફતે થયા હોય, તેઓને અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઇ, પાલનપુર, રાજકોટ, મોરબી વગેરે સ્થળોનાં ધ્યાનકેન્દ્રો મારફતે પોતાનું લવાજમ ભરવા વિનંતી છે.

અમદાવાદ. શ્રી બાબુભાઈ વોરા
૩૧, ગવર્નમેન્ટ સર્વન્ટસ સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ–૯

વડોદરા. ૧ શ્રી ઇશ્વરભાઇ મો. શાહ
એ–૪, વિહારકુંજ સોસાયટી, રણમુકતેશ્વર
મહાદેવ પાસે, પ્રતાપનગર, વડોદરા–૪



૨ શ્રી જીતુભાઇ ગાંધી
૫૫/૧, અરૂણોદય સોસાયટી,
અલકાપુરી, વડોદરા–૫

સુરત ૧ શ્રી રમેશભાઇ પટેલ
એકસપ્રેસ ઓઇલ એન્ડ એન્જી. કું.
૭/૪૬૧૯, સ્ટેશન રોડ, સુરત–૩

૨ પ્રો શ્રી. ટી જી.
૪૪, નંદનવન સોસાયટી
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૧

મુંબઇ ૧. શ્રી. વિશ્વનાથ મૂ જાની
૮૩ A.બાણગંગા. કાશીમઠની બાજુમાં, વાલકેશ્વર
મુંબઇ. ૪૦૦ ००૬

૨. શ્રી. હરગોવિંદભાઇ ભટ્ટ
C/o વળિયા ઓશન ઓઈલ સીસ્ટમ્સ પ્રા. લી.
૮૩, શ્રી નગીનદાસ માસ્તર રોડ, અરારત,
બીજે માળે, મુંબઇ. ૪૦૦ ०૨૩.

૩. શ્રી. જે. વી. શાહ.
૨૦૩, શારદા ચેમ્બર્સ, ૧૫, ન્યુ મરીન લાઈન્સ.
મુંબઈ નં. ૨૦

મોરબી શ્રી. હરિભાઇ ભોજાણી
ગેસ્ટ હાઉસ રોડ, મોરબી. ૩૬૩ ૬૪૧

ભાવનગર શ્રી. ભાઇલાલભાઈ છાટબાર
દિવાનની પાછલી ચાલીમાં, દાદા સાહેબ સામે,
કાળાનાળા, ભાવનગર–૨

પાલનપુર. શ્રી વિજયભાઈ પુરોહિત

# મા કાલીના દર્શનની પૂર્વભૂમિકા

—મુક્ત અનુવાદ નારાયણભાઈ જાની

શ્રી રામકૃષ્ણની ઉમ્મર જ્યારે માત્ર વીસ વર્ષની હતી ત્યારે એમના મોટા ભાઇ શ્રી રામકુમારના સ્વર્ગવાસનો દુઃખદ આઘાત એમને સહેવો પડ્યો. એમના પિતાના મૃત્યુ પછી, અને ખાસ કરી દક્ષિણેશ્વર આવ્યા પછી, શ્રી રામકુમાર એમને મન મોટા ભાઈજ નહિ, પરંતુ પિતાના સ્થાને હતા.

ભાઇના મૃત્યુથી એમનું મન એકદમ દુનિયાદારીથી ઉપરામ થઇ ગયું, એમને એની અનિત્યતાની ખાત્રી થઇ ગઇ અને અવિનાશી એવી ઇશ્વરી સત્તા તરફ વળ્યું. એમણે મનમાં પાકો નિશ્ચય કરી લીધો કે પોતે મંદિરમાં જે કાલી માતાની પ્રતિમાનું રોજ પૂજન કરે છે, તેની પાછળ નિગૂઢ રહેલી દૈવી શકિતને જાણી લેવી ને એ કાલી માતાનું દર્શન કરી લેવું. જગદંબા માટે એમના હૃદયમાં અપાર પ્રેમ હતો જ અને હવે એના દર્શનની તીવ્ર ઇચ્છાથી પ્રેરાઇ, એ શકય એટલો બધો સમય મંદિરમાંજ ગાળવા માંડ્યા. પરંતુ બપોરે અને રાત્રે, નિયમ પ્રમાણે જ્યારે મંદિરના દરવાજા બંધ કરવાનો સમય થતો, ત્યારે બીજાઓ સાથે મળવાનું ટાળીને તેઓ દક્ષિણેશ્વરના ઉત્તર તરફના જંગલની ઝાડીવાળા વિસ્તારમાં એકલા રખડવા ચાલ્યા જતા.

રામકૃષ્ણમાં આવેલ આ ફેરફારથી એમના ભાણેજ હૃદયને ખૂબ ચિન્તા થવા લાગી, કારણ કે હવે તેઓ પૂરૂં ખાતા કે ઉંઘતા નહિ. વળી એના જાણવામાં આવ્યું કે મામા



જંગલના દૂરના ઝાડીવાળા ભાગમાં પણ વારંવાર જાય છે. એ વિસ્તારમાં પહેલાં સ્મશાન હતું, એટલે ત્યાં ભૂતોનો મેળાપ થવાની બીકે, અને ખાસ કરી–રાતે એમના સિવાય રાજીખુશીથી કોઇ જાય એમ ન હતું.

એક રાત્રિએ, પોતાના ભયને ખંખેરી નાંખી, હૃદય રામકૃષ્ણની પાછળ પાછળ સંતાતો ગયો. તેમને ભય પમાડવા માટે એણે થોડા પત્થરો ને કાંકરા પણ નાંખ્યા. પરંતુ રામકૃષ્ણે તે તરફ મુદ્દલ લક્ષ આપ્યું નહિ; અને એની અવગણના કરી જંગલની ઝાડી તરફ ચાલ્યા ગયા. બીજા દિવસે એણે રામકૃષ્ણ દેવને સીધો પ્રશ્ન કર્યો કે આવા અપવિત્ર સ્થાનમાં મધ્ય રાત્રિએ જઇને તમે શું કરો છો ? ત્યારે શ્રી રામકૃષ્ણે એને સમજાવતાં કહ્યું, “ત્યાં ઝાડીમાં એક આંબળીનું વૃક્ષ છે. શાસ્ત્રોમાં એવું વિધાન છે કે જે આંબળીના વૃક્ષ નીચે બેસી ધ્યાન કરે, તેના મનની બધી ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. મા કાલીના દર્શનની પોતાની ઈચ્છા પૂર્ણ કરવા તેઓ ત્યાં ધ્યાન કરવા બેસતા.

પોતાના મામાની આ પ્રકારની ઉગ્ર તપશ્ચર્યાથી હૃદયને વધારે દુઃખ થવા લાગ્યું. રામકૃષ્ણની ભક્તિભાવપૂર્ણ સાધનાને સમજી શકે તેવી તેની માનસિક કક્ષા જ ન હતી વળી એને એમ લાગતું કે રામકૃષ્ણ એમ કરવામાં ડહાપણ અને વ્યહવારિકતાની મર્યાદાઓની ઉપરવટ જઈ રહ્યા છે; અને વત્તા ઓછા પ્રમાણમાં દક્ષિણેશ્વરના લગભગ બધાજ લોકો એની આ માન્યતા સાથે સંમત થતા. એમને એમ લાગતું કે એમના મુખ્ય પૂજારી ધર્મને તેઓ જેને યોગ્ય ગણે છે તેના કરતાં ખૂબ ગંભીરતાપૂર્વક આચરી રહ્યા છે.

બીજા એક પ્રસંગે, રામકૃષ્ણ જંગલ તરફ ગયા છે, તે

જાણીને હૃદય પણ તેમની પાછળ જંગલમાં ગયો. તેણે ત્યાં આંબળીના વૃક્ષ નીચે મામાને ધ્યાનમાં બેઠેલા જોયા. રામકૃષ્ણે પોતે પહેરેલું ધોતિયું ને બ્રાહ્મણ તરીકે ધારણ કરેલી જનોઈ બન્ને કાઢીને દૂર મૂકયાં હતાં; ને તેઓ સંપૂર્ણ નગ્નાવસ્થામાં બેઠા હતા. આ જોઇને હૃદયને એટલો બધો આઘાત લાગ્યો કે એણે રામકૃષ્ણને તેમના ઊંડા ધ્યાનમાં વિક્ષેપ પાડી જગાડયા અને ઠપકો આપતાં કહ્યું, 'તમે આમ કરો છો તે શું ગાંડા તો નથી થઈ ગયાને ?'

રામકૃષ્ણે ખૂબ શાંતિથી જવાબ આપ્યો. "ભાઇ. ધ્યાન કરવાની એજ સાચી રીત છે." એમણે હૃદયને કહ્યું "માણસ જન્મથી જ આઠ પ્રકારની ગ્રંથિઓથી પીડાતો હોય છે–તે આ પ્રમાણે છેઃ–દ્વેષ, ક્ષોભ, ભય, શંકા, તિરસ્કાર, આત્મગૌરવ, કુટુમ્બ તેમજ જ્ઞાતિનું અભિમાન. આ બધી જ ગ્રંથિઓ માણસના મનને દુન્યવી વિચારો ને ઈચ્છાઓ સાથે બાંધી રાખે છે, અને એના મનને આધ્યાત્મિક વસ્તુ તરફ જતાં અટકાવે છે. આ જનોઇ પોતે જાતિઓમાં શ્રેષ્ઠ એવા બ્રાહ્મણપણાની યાદ અપાવે છે. એનાથી પોતાનું જાતિ અભિમાન પોષાય છે. એટલે મા જગદંબાના ધ્યાનમાં બેસતાં પહેલાં–દરેક પ્રકારના રાગ, દ્વેષ, ઈચ્છાઓ, સંપત્તિ અને ભ્રાંતિઓનો ત્યાગ કરવો જરૂરી છે."

સરલતા એ રામકૃષ્ણની વિશેષતા હતી. તેઓને કેવળ માનસિક ત્યાગથી સંતોષ ન થતો–વિચાર પ્રમાણેનું વર્તન હોવું જોઈએ એમ તેઓ માનતા. જેવી રીતે એમણે ધ્યાનમાં બેસતાં કપડાં અને જનોઇનો પરિત્યાગ કર્યો, તેવી રીતે બીજા પ્રસંગોએ એમણે કઠોર કહી શકાય એવા ત્યાગ અને આત્મ સુધારણાનાં કામો પણ કર્યાં. દાખલા તરીકે, પોતાના બ્રાહ્મણ



જાતિના ગૌરવના અહંને દૂર કરવા એમણે પોતાના હાથે જાજરૂની સફાઈ કરી. બીજા જીવોમાં પણ પોતામાં રહેલા ચૈતન્ય જેવું જ ચૈતન્ય રહેલું છે, પોતાની એ ભાવનાની પૂર્તિ માટે કાલી મંદિરના બહારના ભાગમાં ગરીબોને જે ખોરાક વહેંચવામાં આવતો તેમાંથી વધેલાને તેઓ પ્રસાદ માનીને ખાતા, એટલું જ નહિ પરંતુ ગરીબો જે પાતરોમાં જમતા, તેને ભેગી કરીને પોતાના માથે ઉપાડીને નાંખી આવતા. વળી તેમણે ખાધેલી જગાને, વાળીઝૂંડી લીંપીને સાફ કરતા. દુન્યવી દૃષ્ટિએ કિંમતી ગણાતી અને કહેવાતી નકામી–અર્થહીન વસ્તુઓમાં, એમના મનમાં કોઇ તફાવત કે ફરક ન હતો. એની શિક્ષા ધરવા માટે, તેઓ પોતાના એક હાથમાં સીક્કો ને બીજા હાથમાં માટીનું ઢેકું લઈ વારંવાર બોલતા 'સિક્કો એ ઢેકુ છે ને ઢેકુ એ સિક્કો છે' ને પછી બન્નેને ગંગાના પ્રવાહમાં એક સાથે પધરાવી દેતા ! એમ કરી તેઓ પોતાના મનની પ્રતિક્રિયા એ પ્રસંગે કેવી થાય છે, તે જોવા માંગતા હતા. વ્યહવારિક માણસો, એક માટીના ઢેફા કરતાં રૂપિયાના સીક્કાને વધારે મૂલ્યવાન ગણવાના એ દેખીતું છે. પરંતુ શ્રી રામકૃષ્ણને મન બન્ને સરખાં હતાં.

(ક્રિસ્ટોફર ઇશરવુડના આધારે)

માણસના સુખ માટે એ જરૂરી છે કે તે મનથી પોતાની જાતને વફાદાર રહે. અમુક વસ્તુ માનવી કે ન માનવી તેમાં બેવફાઇ નથી; પોતે જે ન માનતો હોય તે માનવાનો દેખાવ કરવો તેમાં જ બેવફાઈ રહેલી છે.

# એક અનોખી અનુભૂતિ

વિજય પુરોહિત (પાલનપુર)

અંતરમાં પરમ શાંતિ મેળવવાની લગન હોય અને એ માટેનો યોગ્ય પુરૂષાર્થ હોય તો માનવને માર્ગદર્શન અને સહાય પણ એ પરમ શાંતિ સ્વરૂપ પરમાત્મા ગમે તે પ્રકારે આપતો રહે છે. કયારેક પ્રકટ પ્રભુ સમા સંતો મારફતે, કયારેક સ્વપ્નમાં કોઈપણ દિવ્ય સ્વરૂપે, તો કયારેક ધ્યાન અથવા પ્રાર્થના વખતે અકળ રીતે પ્રેરણા પ્રકટાવીને એ પરમ ચૈતન્ય સ્વરૂપ પરમાત્મા, પથપ્રદર્શન અર્પી પરમ-શાંતિના પદે આસીન કરે છે, એમ હું મારા અનુભવ પરથી કહી શકું છું. સંત ફ્રાન્સીસને એમના જીવનનો ઘાટ ઘડવામાં પ્રભુએ સ્વપ્ન વડે જ પથપ્રદર્શન પૂરું પાડયું હતું. અજામિલને પણ સ્વપ્નદર્શનથી જ જીવનને ધન્ય કરવાની પ્રેરણા મળેલી. સ્વામી યોગાનંદને પ્રાર્થનાથીજ એમના ગુરુપ્રાપ્તિનો સંદેશ પ્રાપ્ત થયેલો. તુકારામ મહારાજને સ્વપ્ન-માંજ મંત્રદીક્ષા મળેલી. પ. પૂજ્ય શ્રી યોગેશ્વરજીનો સાધના-કાળ "પ્રકાશના પંથે" જો કોઇ તટસ્થ ભાવે વાંચી ને વિચારે તો તેને સમજાશે કે તેઓની મોટા ભાગની ઇચ્છાઓ પ્રાર્થના વડે પૂર્ણ થઈ છે. તો કેટલીક વખત એમને સ્વપ્ન-માં અથવા ધ્યાનમાં માર્ગદર્શન પણ મળતું જોવામાં આવે છે. આ બધાની પાછળ એક તીવ્ર ઇચ્છા અને પ્રખર પુરુષાર્થ મહત્ત્વનો ભાગ ભજવે છે. માનવ સાચા હૃદયથી તીવ્ર તલસાટ લઈ શોધ કરવા લાગી જાય છે, ત્યારે જ એને સાચી સહાય તે પરમ પુરુષની કૃપાથી ગમે ત્યાંથી આવી મળે છે.



અહીં એક એવો જ મારી જાત અનુભવનો પ્રસંગ રજુ કરું છું. જેમાં ઉત્કટ લગન લઇને શાંતિની પ્રાપ્તિ માટે સાધનામય જીવન જીવવાનું શરૂ કર્યું અને એમાં મહાપુરુષ વડે યોગ્ય માર્ગદર્શન અકળ રીતે પ્રાપ્ત થયું.

લગભગ તા. ૯–૯–૭૮ની રાત્રે એક સુંદર, સુખકર, માર્ગદર્શક અને આવતી કાલ માટેની સાધનાના ઉચ્ચ અનુભવની કૃપા વરસાવતું સ્વપ્ન આવ્યું.

સ્વપ્નો આમ તો ઘણાંય આવે પણ આ સ્વપ્નની અસર જાગ્યા પછી સવાર સુધી રહી અને મનને આનંદથી ભરી દીધું. સ્વપ્ન એવું અકળ આનંદ આપી ગયું કે ચાર વાગ્યા-થી પાંચ વાગ્યા સુધી સ્વપ્નના આનંદને જ વાગોળ્યા કર્યો.

સ્વપ્નમાં દેખાયેલ દૃશ્યમાં વિશાળ બગીચાઓ સુંદર અને મનોહર લાગતા હતા. એમ લાગતું હતું કે કુદરતે મુક્ત મને સૌંદર્ય વેર્યું હતું. આ દર્શન ચાલતું હતું ત્યાં જ અચાનક મારી દૃષ્ટિ એક શ્વેત વસ્ત્રધારી નાનકડી મૂર્તિ પર પડી. એની સુંદરતાએ તો જાણે પ્રાકૃતિક સૌંદર્યમાં ચાર ચાંદ લગાવી દીધા! જાણે કોઈ સૌંદર્ય યુક્ત સ્ત્રીને પોતાને મનગમતા સુહાગની પ્રાપ્તિ થતાં જે પ્રકારની મધુર-તાથી ખીલી ઊઠે તેમ આ મૂર્તિના દર્શનથી એ પ્રકૃતિનું સૌંદર્ય ખૂબ ખીલી ઊઠયું. વાતાવરણ ભાવમય બની ગયું.

લોકો એ નયનરમ્ય મૂર્તિનાં દર્શન–વંદન કરી વિદાય થતાં. મેં પણ સહજ રીતે વંદન કર્યાં. વંદન કર્યા પછી જ્યાં મારી નજર એ પરમ પવિત્ર પ્રશાંત મુખમંડળ પર પડી, ત્યાં જ એમના મુખમાંથી ત્રિતાપહારી, મધુરતાથી સભર, શાંત છતાં સ્પષ્ટ શબ્દો ધીરે રહીને સંભળાયા. "શું કરો છો?" "એટલે?" (શું કહેવા માગો છો?) હું એમના

પ્રશ્નના મર્મને ન સમજ્યો હોઉં એ વાત એ મંગલમૂર્તિ મહાપુરુષ સમજી ગયા હોય તેમ વધારે શાંત અને સ્નેહ છલ્યા મૃદુ સ્વરે બોલ્યા "ના.......ના.....શું કરો છો એટલે સાધન શું કરો છો ?" હું બોલ્યો "એમ કહોને ત્યારે" હું આગળ બોલ્યો "મંત્ર જપું છું. અને મૂર્તિનું ધ્યાન કરું છું" એ મૂર્તિ પરમ પ્રસન્ન બની ને આનંદના ઉભરા સાથે બોલી "ઓહો......આતો લયયોગ કહેવાય." હું બોલ્યો "શું કહેવાય તેની ખબર નથી પણ આ રીતે સાધન કરું છું" સ્વપ્ન પુરું થયું. તુરત જ જાગી ગયો. જાગતાં જ હૃદય આનંદમય સંવેદનોથી ઉભરાઇ ગયું. શ્વાસ ગંભીર ઊંડા ચાલતા હતા અને શરીર રોમાંચિત થઇ ઉઠયું હતું. એ સ્વપ્નના આનંદને હું સૂતાં સૂતાં વાગોળતો હતો.

(એ મંગલમૂર્તિ પ્રાતઃસ્મરણીય પ. પૂજ્ય શ્રી યોગેશ્વરજી-ની જ હતી.)

સવારે ઉઠીને રોજીન્દા ક્રમ મુજબ સાત વાગે ધ્યાનમાં બેઠો. ધ્યાન લગભગ કલાકેક થયું હશે. તેમાં રોજની જેમ આજ્ઞાચક્રમાં મૂર્તિને સ્થાપિત કરી માનસપૂજા અને પ્રાર્થના કર્યાં. વચ્ચે વચ્ચે આજ્ઞાચક્રના અંધકારમાં મન શાંત અને વિચાર રહિત થતું છતાં દ્રષ્ટા ભાવ તો રહેતો જ. એકંદરે આનંદપ્રદ શાંતિ રહી. એ પછી નિયમ પ્રમાણે પ્રાણાયામ સાથે આસનો કરી, દૂધ પીને રાતના સ્વપ્નને યાદ કરતાં કરતાં આરામ કર્યો.

લગભગ ૧૧ વાગે (સવારે) ફરી વાર ધ્યાનમાં રોજની જેમ બેઠો હળવા પ્રાણાયામ કરી લીધા પછી ષણ્મુખી મુદ્રા કરી અને તે પછી સહજ શ્વાસ સાથે મંત્ર જપવા લાગ્યો. મંત્ર જપતાં જપતાં વચ્ચે વચ્ચે મન આજ્ઞાચક્રના અંધકાર-માં સ્થિર થતું. ફરી મંત્ર જપતો. અચાનક એક પ્રશ્ન થયો



કે મંત્ર કયાંથી પેદા થાય છે ? ફરી તરત મન, પ્રાણ સાથે શાંત, ગંભીર ખૂબજ ધીરે ધીરે ગતિ કરતું છેક નાભિ સુધી જઈ પહોંચ્યું, અને પ્રશ્નનો જવાબ મળ્યો, "ઓહો...મંત્ર અહિંથી ઉત્પન્ન થાય છે." અને મન ફરી પ્રાણ સાથે ખુબ જ ધીમી ગતિએ ઉપર આવવા લાગ્યું. ફરી આજ્ઞાચક્રના અંધકારમાં આવી સ્થિર થયું. બીજીવાર મન પ્રાણ સાથે એજ રીતે છેક નાભિ સુધી ગયું અને પાછું ખૂબ જ ધીમી ગતિએ આજ્ઞાચક્રના અંધકારમાં સ્થિર થયું. તે પછી અંધકાર પણ અદૃશ્ય થઇ ગયો. એટલે દૃષ્ટા પણ અદૃશ્ય થઇ ગયો. કાંઇ જ ખબર ન પડી. ન દૃષ્ટા, ન દૃશ્ય. કાંઇ નહીં. આ અવસ્થા કેટલીવાર રહી તે ખબર નથી પણ જ્યારે ભાન સક્રિય બન્યું ત્યારે સૌથી પ્રથમ એજ ગાઢ અંધકાર, એ પછી પ્રાણની અતિ શાંત ગતિ અને આનંદનો ધોધ, અંતરમન અને તન પર ફરી વળ્યો. આખમાંથી અતિશાંત આનંદનો ઉભરો અશ્રુવડે ટપકી પડ્યો શાંત અને મૂક રીતે આહ...ઓહ...જેવા શબ્દો આનંદના અતિરેકને લીધે સરી પડ્યા. એમજ થયું કે આ ભાન પાછું શું કામ આવ્યું ? કોઇ અકળ રીતે દૃષ્ટા દૃશ્યથી પરની અવસ્થા થઈ અને અકળ રીતે એ અવસ્થામાંથી બાહ્ય ભાન આવ્યું તો ગમ્યું નહિં, અને પ્રાણની ગતિ પણ એ આનંદમાં વિક્ષેપરૂપ લાગવા માંડી. ધીરેધીરે શરીર અને બહારના વાતાવરણથી સભાન બન્યો પણ બોલવાનું અને અન્ય પ્રવૃત્તિ આનંદમાં વિક્ષેપ-રૂપ બનતી લાગી. તેથી શાંત અને અલિપ્ત વ્યવહાર, વાર્તા-લાપ અન્ય વિચારોથી રહેવાનું ગમતું. શરીરની ચાલ બદ-લાઈ ગઈ. સ્ફૂર્તિ, સહજ પ્રસન્નતા, આનંદ લગભગ દોઢ મહિના સુધી રહ્યો. ઘણી વખત સંપૂર્ણ જગત નવીન લાગતું.

આ અનુભવ પછી એક નવો વિચાર અંતરમાં પ્રકટયો

કે અંતિમ અવસ્થા આ જ છે. સર્વ પ્રકારના વિચારોનો શામાં લય થાય છે. એ ખબર નથી, પણ શાસ્ત્રો કહે છે આત્મામાં મન સર્વ પ્રકારના શુભ અશુભ વિચારો છોડી શાંત બની જાય છે, તેવો લય. ગમે તે હોય પણ એ અવસ્થા પરમ મંગલકારી લાગી

આ લયયોગનો અનુભવ એ શું એ મહાપુરુષની કૃપાનું પરિણામ છે કે પછી પ્રભુની કૃપા અથવા મારા પુરુષાર્થનું ફળ? એટલું જરૂર કહી શકું કે એ ફક્ત મારા પુરુષાર્થનું ફળ તો નથી જ, કેમકે એ પછી આ અવસ્થામાં આસીન થવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા, પણ સફળતા ના જ મળી. એટલે એ મહાપુરુષની કૃપાનું પરિણામ હશે અથવા એ મહાપુરુષ દ્વારા પરમાત્માએ કૃપા વહાવી હશે, એમ માનવું રહ્યું. પરમાત્માને સર્વવ્યાપક અને સર્વશક્તિમાન કહેવામાં આવે છે તો એ મહાપુરુષ દ્વારા એ જ પ્રકટ બની સહાય કરી રહ્યો છે, એમ જ માનવું રહ્યું.

નોંધઃ–આ અનુભવ પછી સભાન થવાયું ત્યારે શરીર એ જ સિદ્ધાસનમાં હતું અને ગરદન, મસ્તક સીધાં જ હતાં. તેથી ઉંઘ આવી હોય એ શક્ય નથી. કેવલ ઉંઘ પછી આવું કદી જણાતું નથી મને પોતાને જે અનુભવ થયો એના આધારે મને પોતાને ઉંઘની કલ્પના પણ નહિ થયેલી કેમકે એ આનંદ અવર્ણનીય હતો. પૂર્વે કદી નહીં અનુભવેલો એવો પ્રશાંત છતાં સ્ફૂર્તિ, તાજગી ભર્યો આનંદ એ હતો. એ પછી કેટલાય દિવસો સુધી અંતરમાંથી અકારણ આનંદની લહેરો ઊઠ્યા જ કરતી.

આ અનુભવને શબ્દોમાં પ્રકટ કરવામાં ન્યાય આપી શક્યો હોઉં એમ મને નથી લાગતું. તો ઊણપ બદલ વાંચકોની ક્ષમા માગી લઉં છું.



## તમારે દ્વારે

( ગઝલ )

તમારે દ્વાર ગિરિધારી
થઈ આવ્યો છું ભિખારી!

નથી ગમ કાંઇ હજી આવી જરી આ મૂઢ પાપીમાં,
તમારી પાસ માગું શું? હજી તો હું અવિચારી!

કરેલા કર્મની જાળે ફસાયો છું હવે ભારી,
નથી કંઇ અંત દેખાતો ઉગારી લોને હિતકારી!

હવે શ્રદ્ધા અને વિશ્વાસ તમારા નામ પર જાગ્યા,
ચરણ–રજ થઇ આળોટું, બને તો લેજો સ્વીકારી!

સુણ્યું છે ખાલી હાથે કોઇ ગયું ના આજ લગી સ્વામી,
દયાળુ દો ભરી ઝોળી મુસીબત સર્વે નિવારી!

તમારા પાદ પંકજમાં રહે મનડું સદા મારું,
કરી દો એવી ગોઠવણી બની જાઉં અધિકારી!

ઈશ્વરભાઇ પ્ર. પટેલ

# શ્રીમદ્ ભાગવત સુધા.... (૫)

પ્રા. જનાર્દન દવે

'ભાગવત' શબ્દનો એક અર્થ ભગવાનને જેમનું સમગ્ર જીવન સમર્પિત છે એવા સંતો એમ પણ થાય છે. ગતાંકમાં આપણે આવા સંતો વિષે શ્રીમદ્ ભાગવત શું કહે છે તે જોયું. કપિલ ભગવાન દેવહૂતિજીને કહે છે "સંગ એ શિથિલ ન થાય એવો પાશ છે પણ સંતો સાથે સંગ કરવાથી મોક્ષનાં બારણાં ઉઘડી જાય છે." આમ કહીને ભગવદ્દીય સંતોનાં ૧૬ લક્ષણો બતાવ્યાં છે. મારા સંતો (૧) સહનશીલ (૨) કરુણાવાન (૩) સર્વ દેહધારીઓના મિત્ર (૪) અજાતશત્રુ (૫) શાંત (૬) પોતાના ભોગે અન્યનું કાર્ય સાધનાર, (૭) સંતોષ જ જેનું ભૂષણ છે તેવા (૮) મારી અનન્ય-ભક્તિ દૃઢતાપૂર્વક કરનારા (૯) મારા માટે સાંસારિક કાર્યો છોડી દેનારા (૧૦) સ્વજનો અને બાંધવોમાં આસક્તિ વિનાના (૧૧) નિર્મળ અંતઃકરણના (૧૨) મારી જ કથાઓ વર્ણવનારા અને સાંભળનારા (૧૩) વિવિધ તાપો સહન કરી લેનારા (૧૪) મારામાં જેમનું ચિત્ત રમે છે તેવા (૧૫) સર્વસંગથી રહિત (૧૬) સંસારીઓના સંગદોષને હરનારા છે.

શ્રીમદ્ ભાગવત આવા ભગવદ્દીય સંતોના ચરિત્રોથી ભરપૂર ગ્રંથ છે.

(૧) શ્રીશુકદેવજીઃ-સંસાર સંગથી દૂર રહેનારા, મહાભાગ્યે જ કોઇ ગૃહસ્થને ત્યાં ગાય દોહવા જેટલો સમય આવે તો તે ગૃહસ્થ કૃતાર્થ બની જાય તેવા જન્મથી સિદ્ધ યોગી, જન્મથી પિતા અને ઘર છોડી ચાલી નીકળેલા. સરોવરમાં સ્નાન કરતી સ્ત્રીઓ એમના વાતાવરણના પ્રવેશ માત્ર-



થી દેહાધ્યાસ ભૂલી જાય છે તેવા છે. પરમ અવધૂતચર્યામાં રહેનારા છતાં શ્રીકૃષ્ણની પરમમધુર લીલાઓથી શ્રીકૃષ્ણનાં સ્વરૂપ અને લીલા પ્રત્યે આકર્ષાયેલા ભગવત્કથા કહેતાં માંડ માંડ કાલ્પનિક દ્વૈત રાખી શિષ્યનું પરમકૈવલ્ય સંપાદન કરનારા, બ્રહ્માજી જ્યારે વાછરડાંઓ, સખાઓ, અને સખાઓનાં શિંકા, પાત્રો, લાકડીઓ લઈ ગયા ત્યારે પરીક્ષિતનો આ લીલા વિષેનો પ્રશ્ન સાંભળી

> इत्थं स्म पृष्टः स तु बादरायणिः
> तत्स्मारितानन्तहृताखिलेन्द्रियः ।
> कृच्छ्रात्पुनर्लब्ध बहिर्दृशि शनैः
> प्रत्याह तं भागवोत्तमोत्तमः ॥

ભગવાન શુકદેવજીની વૃત્તિઓ એટલી બધી અંતર્મુખ થવા લાગી કે સમાધિ થતાં થતાં રહી ગઈ, મહામુશ્કેલીએ પરીક્ષિત પ્રત્યેના કરુણાભર્યા અનુગ્રહથી બહિર્મુખ વૃત્તિ કરી તેમણે આગળની કથા કરી. સુદામાચરિત્ર વખતે પણ वासुदेवे भगवति निमग्न हृदयोऽब्रवीत् શ્રીકૃષ્ણમાં નિમગ્ન હૃદયવાળા બની રહ્યા. આમ શુકદેવજી પરમ ભાગવત સંત છે.

(૨) શ્રીગોપીજનોઃ-પ્રાણાયામ, ધારણા, ધ્યાન વગેરે તથા કથિત સર્વસાધનોથી રહિત હોવા છતાં શ્રીકૃષ્ણનાં દર્શન, અભિભાષણ, સ્પર્શ વગેરેથી જેમનાં ચિત્ત સંસાર રૂપ બંધનથી ઉપરામ પામેલા છે તેવા પરમ સંતો છે. શ્રીગોપીજનો પોતે જ કહે છે सत्यज्य सर्व विषयान् तव पादमूलम् મનમાંથી પણ સંસારના વિષયો ત્યજી દઇને देवो यथादि पुरुषो भजते मुमुक्षून् સર્વ ભાવથી ભગવાનને એવી રીતે શરણે આવેલ છે તો ભગવાને પણ મુમુક્ષુઓની જેમ અમારો સ્વીકાર કરવો જોઇએ" એમ શ્રીકૃષ્ણને પણ કહેનારા

ભકતો છે. શ્રીગોપીજનો તો तन्मनस्काः ભગવાનમાં જ મનવાળાં, तदालापाः ભગવાનની જ વાતો કરનારાં, तद्विचेष्टाः અનુકરણ પણ પ્રભુનું કરનારાં, तदात्मिकाः ભગવાનમાં જ અનન્ય બની ગયેલાં तद्गुणान एव गायन्त्यो તેમનાં જ ગુણો ગાનારાં હોવાથી नात्मागाराणि सस्मरुः પોતાના શરીર અને ઘરનું ભાન ભૂલી ગયેલાં છે. શ્રીઉદ્ધવજી મહારાજ પણ આ ગોપીજનોની ચરણધૂલિ પ્રાપ્ત કરવા વૃન્દાવનમાં વૃક્ષ-વેલી બનવા ઈચ્છે છે–શ્રી ઉદ્ધવજી બોલ્યા છે—

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥

જેમનું ગાયેલ હરિચરિત્ર ત્રણે ભુવનોને પવિત્ર કરે છે તેવા ગોપીજનોની ચરણધૂલિને હું વારંવાર પ્રણામ કરું છું."

આમ ગોપીજનો પણ પરમ ભગવદીય સંતો છે.

(ક્રમશઃ)

માણસને જો ફક્ત સુખી જ થવું હોત, તો એ સહેલાઈથી સિદ્ધ થઇ શકત. પરંતુ આપણે તો બીજાઓના કરતાં વધારે સુખી થવું છે; અને એ હંમેશા મુશ્કેલ નીવડે છે—કારણ કે બીજાઓ હોય છે તેના કરતાં વધુ સુખી આપણે તેમને કલ્પેલા હોય છે.



# પ્રકાશના પંથે

યોગેશ્વરજી

સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

## જમનોત્રી યાત્રા ને માતાજીનો મેળાપ

જમનોત્રીની યાત્રાની શરૂઆતમાં જ પૂર્વજન્મના જ્ઞાનનો અનેરો અનુભવ થઈ ગયો, તેથી તે યાત્રા વિશેષ સફળ ને યાદગાર બની ગઈ.

જમનોત્રીની ભયંકર ઠંડીમાં જમના માતામાં સ્નાન કરવાનું સાહસ કોણ કરે? બરફના પર્વતમાંથી નીકળતા પાણીમાં હાથ બોળો તો હાથ જૂઠો પડી જાય એવો અનુભવ થાય. મુસાફરોની મુશ્કેલીનો વિચાર કરીને કુદરતે જાણે પહેલેથી જ માર્ગ કરી દીધો છે. જમનોત્રીમાં જમનાને કિનારે જ ગરમ પાણીના કુંડ બનાવ્યા છે. બરફવાળા ઠંડા સ્થળમાં ગરમ પાણીના કુંડ છે તે કેવા આશ્ચર્યની વાત છે! પણ ઈશ્વરની દુનિયામાં અજાયબીમાં નાખનારી એવી વસ્તુઓ તો ન જાણે કેટલીય છે! યાત્રીઓ માટે તે કુંડ આશીર્વાદરૂપ થઇ પડે છે.

આ સુંદર સ્થળની યાત્રા કરીને અમે ઉત્તરકાશી આવી પહોંચ્યા. ઉત્તરકાશીમાં આવીને મેં પહેલાંની જેમ ધ્યાનાદિની સાધના શરૂ કરી દીધી.

ઉત્તરકાશીનું સ્થાન મને બધી રીતે બહુ ગમી ગયું હતું. આનંદનો ઓઘ અંતરમાં ઊછળવા માંડતો ત્યારે હું શંકરાચાર્યના સુપ્રસિદ્ધ સ્તોત્ર 'ચિદાનંદરૂપઃ શિવોઽહં શિવોઽહમ્" ને ગાયા કરતો.

દેવકીબાઈની ધર્મશાળાનો ત્યાગ કરીને ચંપકભાઈ સાથે મેં દેવપ્રયાગ માટે પ્રસ્થાન કર્યું ત્યારથી હું સાધનામાં મશગુલ હતો. તેથી સરોડા માતાજીને પત્રો લખવાનું કામ ચંપકભાઈએ જ ઉપાડી લીધેલું. ચંપકભાઈએ માતાજીને દહેરાદૂન આવીને યાત્રાનો લાભ લેવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું. દિલ્હી થઈને દહેરાદૂન કેવી રીતે આવવું ને તેમને કેવી રીતે શોધી કાઢવા તેની સંપૂર્ણ માહિતી તેમણે માતાજીને મોકલી આપી.

ક્યાં નાનું સરખું ગામ સરોડા ને ક્યાં હિમાલય ? પત્રની વિગત વાંચી ત્યારે માતાજીની આગળ એક મહાન કોયડો ઊભો થયો. હિમાલય સુધી એકલા કેવી રીતે જવાય ? તેમને મૂકવા પણ ત્યાં સુધી કોણ સાથે જાય ? પણ તેમણે તો ગમે તેમ થાય પણ પ્રવાસ કરવાનો વિચાર કર્યો. હિંમત કરીને તે અમદાવાદ આવી પહોંચ્યાં. તારાબેનનું લગ્ન મારી હાજરીમાં જ થયું હતું. તે અમદાવાદ રહેતી. તેણે માતાજીને ઉત્સાહ આપ્યો ને હિમાલય જવાની હિંમત આપી. તેથી પ્રસન્ન થઈને માતાજી વડોદરા આવ્યાં. રમણભાઈએ પણ તેમનો દૃઢ નિરધાર જોઈને તેમણે તેમના પુત્ર મનુભાઈને તેમની સાથે દહેરાદૂન સુધી જવા તૈયાર કર્યા. મનુભાઈ નાના હતા પણ તેમની સમજણ ને ચતુરાઈ ઘણી હતી. તેથી તેમની સાથે મુસાફરી કરવામાં માતાજીને કોઈ તકલીફ પડે તેમ ન હતું.

એ રીતે ઈશ્વરની ઇચ્છાનુસાર બધી વ્યવસ્થા થઈ ગઇ ને માતાજી તથા મનુભાઇ દહેરાદૂન આવી પહોંચ્યાં. તે પછી થોડા દિવસે તે મસુરી પહોંચ્યાં. મસુરીમાં ચંપકભાઈ માતાજીને એક પ્રખ્યાત ધોધ પાસે લઇ ગયા. તેના ઠંડા પાણીમાં માતાજીએ સ્નાન કર્યું. એટલે ચંપકભાઇએ કહ્યું, ‘ હવે તમે



હિમાલયના ઠંડા પ્રદેશની યાત્રા કરી શકશો. તમારી સહનશકિતની કસોટી થઈ ગઈ. ”

મનુભાઇ મસુરીથી પાછા વળ્યા ને ચંપકભાઇ માતાજી સાથે આગળ વધ્યા. જમનોત્રીની કષ્ટમય યાત્રા કરીને એક ધન્ય દિવસે તે માતાજી સાથે ઉત્તરકાશી આવી પહોંચ્યાં. તેમની એ સેવા ઘણી અસાધારણ હતી.

ચંપકભાઇ અને માતાજી હજી તો ઉત્તરકાશીમાં પ્રવેશ કરવાની તૈયારીમાં હતાં, ત્યાંજ મેં તેમને દૂરથી જોયાં. ભિક્ષાને ગંગાકિનારે મૂકીને હું તેમને મળવા ગયો. માતાજીને મેં પ્રણામ કર્યા. એમની આંખમાં મને લગભગ દોઢેક વરસે જોઇને પ્રેમના આંસુ ઉભરાઈ આવ્યાં. ઋષિકેશની ધર્મશાળામાં આવ્યા પછી મેં સીવેલાં વસ્ત્રો પહેરવાનું બંધ કર્યું હતું ને દાઢીના વાળ વધવા દીધેલા એટલે મારો વેશ તપસ્વી કે સાધુ જેવો લાગતો.

બિરલા ધર્મશાળામાં તે વખતે શ્રીનારાયણ સ્વામી પણ ઉતર્યા હતા. તે ગુણપાટની લંગોટી પહેરતા ને મૌન રાખતા. તે ઉચ્ચકોટિના અનુભવી સંત હતા. તેમણે માતાજી તથા ચંપકભાઇને તેમની રસોઇમાંથી પ્રસાદ આપ્યો. તે પછી માતાજી મારી કુટિયામાં આવ્યાં. ત્યાં બેસીને તેમણે તારાબેનને એક પત્ર લખ્યો ને બીજો પત્ર રમણભાઇને લખી દીધો.

ચંપકભાઇના પ્રેમને લીધે મેં તેમની સાથે યાત્રામાં જોડાવાની સંમતિ આપી. વળતે દિવસે અમે ત્રણેય ગંગોત્રી જવા રવાના થયાં. ( ક્રમશઃ )

—*—

# ઇન્દ્રિયમનાતીત જ્ઞાનલોચન (પ્રજ્ઞાદૃષ્ટિ)

ભાઈલાલભાઈ છાટબાર

## वस्तुनुं समग्र-अखंड दर्शन असंभव

પરોઢનું પંખી પાંખ ફફડાવી ગીતગુંજન કરતું ઊડવા લાગે, પ્રાતઃસમીરની મંદ, મધુર અને શીતળ લહેરી મીઠો સ્પર્શ કરતી લહેરાતી જાય, ફૂલછોડની નાનકડી નાજુક ડાંખળી પર, ઝાકળ-બિન્દુ મઢ્યું નવવિકસિત સુગંધી પુષ્પ સોળેય કળાએ ખીલી નર્તન કરતું ઝુલવા લાગે, પહાડી ઝરણું ફૂદકો મારી ઉષાના ગુલાબી રંગોની અભિજાત શોભાને પોતાના જળશીકરોનો ખજાનો લૂંટાવી દઇ રત્નજડિત બનાવી દે, પ્રશાંત સાગરની મધ્યે સ્થિર જળરાશિમાં નાજુક તરંગમાળ ઊઠે અને શમે—આ બધી વસ્તુઓનું સૌંદર્યપાન અલગ રીતે અને પછી તમામે તમામ વસ્તુઓનું સૌંદર્યપાન સમગ્ર રીતે કરી, તેનું અખંડ દર્શન પામી શકી હોય એવી વ્યકિતઓ વિરલ હોય છે.

## मन-इन्द्रियोनी बे दीवाल

વસ્તુના સર્વાંગ-સંપૂર્ણ સત્યદર્શનને રૂંધતી ઇન્દ્રિય અને મનની બે દીવાલો મનુષ્યની આડે ખડી છે. હર્ષ-શોક, દેશ-કાળ અને જડ-ચેતનના તાણાવાણા ગૂંથતી અને તે તાણા-વાણાને છુટા પાડતી, જ્ઞાનેન્દ્રિયરૂપી જાળ દિનરાત કામ કર્યા કરે છે અને મનુષ્યની અહીંથી તહીં ફેંકાફેંક કરે છે. ફૂદા-ફૂદ કરતું મન અને જ્ઞાનેન્દ્રિયો વસ્તુનું અખંડ દર્શન કરી શકતાં નથી. માનવમન વસ્તુનો બાહ્ય દેખાવ જોઈને કંઈક અભિપ્રાય આપી દે છે પરન્તુ તે કદી પણ વસ્તુનું આંતરિક



તત્ત્વ સમગ્રપણે જોઈ શકતું નથી. ઇન્દ્રિયના વિષયો શબ્દ, રસ, રૂપ વગેરે પ્રદેશોપર મન સ્વામિત્વ ધરાવે છે ખરું પરંતુ તેમાં બધાં જ દર્શન અધૂરાં અને ખંડિત હોય છે. મન વસ્તુ-ના બાહ્ય સ્વરૂપને જોતાં જ, તે વીજળી વેગે એક પછી એક પ્રત્યક્ષ પસાર થતાં દૃશ્યો જુએ છે, બનાવોને નિહાળે છે અને તેની પ્રતિક્રિયાઓની અસરોની પરંપરામાં રોકાઈ જતું હોય છે. માનવ-મન વસ્તુના તાત્ત્વિક સ્વરૂપને પકડે ન પકડે ત્યાં તો મનની બહારના ઉપસ્થિત પ્રસંગો અને પ્રત્યક્ષ દૃશ્યોના પ્રત્યાઘાત રૂપે વિસ્તરતી આંતરિક પ્રક્રિયાઓનો ખેલ શરૂ થઇ ચૂકયો હોય છે.

## सर्वग्राही दर्शन यदि मननी अक्षमता

મનની દૃષ્ટિમર્યાદા વસ્તુના ભૌતિક સ્વરૂપને કદાચ, ઓછે-વત્તે અંશે જોઈ શકે છે. વસ્તુમાં રહેલ જડત્વ, ચેતનત્વ કે શૂન્યત્વના અંશો માનવનાં મન-બુદ્ધિ નકકી કરી શકતાં નથી. મન વસ્તુના સર્વગ્રાહી સ્વરૂપનું દર્શન કરી શકતું નથી. હજી ઊંડે જઈએ તો માનવ-મન વસ્તુના ભૌતિક સ્વરૂપને પણ સચોટપણે જોઈ શકતું નથી. મન વસ્તુ-વસ્તુ વચ્ચેના સાપેક્ષ સંબંધોને જોતું હોય છે. દૃષ્ટિના સીમિત વ્યાપવાળું આવું મન પછી વસ્તુના પ્રાણતત્ત્વ કે સારતત્ત્વને તો કયાંથી જ જોઈ શકે?

## वस्तु एक-दर्शन विविध

વસ્તુના બાહ્ય ભૌતિક સ્વરૂપના દર્શનથી માનવ-મનની અંદર બંધાતી, વસ્તુ પરત્વેની માન્યતા, એ તત્કાલીન સંયોગો-ની મન ઉપર પડતી ઘેરી અસરોનું પરિણામ હોય છે. આ સંયોગોની ઘેરી અસર વસ્તુની જે છાપ મન ઉપર મૂકી જાય છે, તે વસ્તુનું સાચું અસલી સ્વરૂપ હોતું નથી. વળી વસ્તુ

વિષેની આ છાપ એ, જોનાર-વ્યકિતની તે વસ્તુ પરત્વેની પોતાની એકલાની માન્યતા હોય છે. આ માન્યતા પણ હંમેશાં બદલાતી રહે છે જેમ જેમ વ્યકિત વધુ અનુભવ જ્ઞાન મેળવે છે તેમ તેમ વ્યકિતની દૃષ્ટિ અને માન્યતા પરિ-વર્તન પામતી રહે છે. એક વ્યક્તિની આ માન્યતા અને અન્ય વ્યકિતની, તે એકજ વસ્તુ વિષેની માન્યતા વ્યકિતગત સંયોગોની અલગ અલગ અસરને કારણે જુદી જુદી હોય છે.

### वस्तुनुं असली मूल्य-सदाकाळ एकज

વસ્તુ એકની એક જ હોય છે તેમ છતાં અલગ અલગ વ્યકિતઓની તે વસ્તુ પરત્વે બંધાતી માન્યતા અલગ અલગ હોય છે, આ હકીકત પ્રતિપાદન કરે છે કે પ્રત્યેક વ્યક્તિ, તેના સંસ્કાર, શિક્ષણ, સંયોગ અને દૃષ્ટિના વ્યાપ અનુસાર વસ્તુનું મૂલ્ય નકકી કરે છે. ખરેખર તો વસ્તુનું મૂલ્ય તો જે હોય છે તે જ હોય છે. વસ્તુ પોતે તો જોતી નથી કે બોલતી પણ નથી. વસ્તુ પોતે તો જોનાર વ્યકિતઓએ આપેલી દૃષ્ટિ અનુસાર વિવિધ રીતે જુએ છે. અને તેમણે આપેલી વાચા અનુસાર વિવિધ રીતે બોલે છે. વસ્તુ પર આવરણો હોતાં નથી. જોનાર વ્યકિતની આંખો પર આવરણો હોય છે. વ્યકિતઓ પોતાની આંખો પરના આવરણો અને પડળો દૂર કરી દે કે તરત જ વસ્તુઓ પરનાં આવરણો હટી જાય અને તેનાં સત્યદર્શન સાંપડે.

### मननी संयोगाधीन परवशता अने कल्पना शकित

માનવ-મન અંધકારમાં ફાંફાં મારે છે. તે પરિવર્તનશીલ છે અને સ્મૃતિભ્રંશના દોષથી ઘેરાયેલું છે માનવ-મન ભય, ક્રોધ અને આઘાતની નવી નવી પરિસ્થિતિ મૂકાતાં ગૂંચવાઇ જાય છે, કંપી ઊઠે છે કે દૌર્બલ્ય અનુભવી ઊંડું ઊતરી જાય



છે. મનને ઘણા પૂર્વખ્યાલો અને પૂર્વગ્રહો હોય છે, મનની કલ્પનાશકિત અને કલ્પનાવિહાર વળી ભારે રમખાણ મચાવે છે. તેની આ કલ્પનાશકિત હંમેશાં અતિશયોકિત જ કરતી હોય છે. ઇચ્છા-અનિચ્છા, નિશ્ચય-અનિશ્ચતતા, શ્રદ્ધા-અશ્રદ્ધા, મક્કમતા-ડામાડોળપણું, ગાંઠ અને ગૂંચ, ક્રોધ અને ભય— આ પ્રમાણેની અલગ અલગ પરિસ્થિતિ અનુસાર માનવ-મન હજાર પ્રકારના સ્વાંગ ધારણ કરે છે. આ બહુવિધ સ્વાંગ-ધારણ કરવામાં તેની બહુરંગી કલ્પનાશકિત અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

### छठ्ठी इन्द्रिय—प्रज्ञादृष्टि

વસ્તુના આ બધા બાહ્ય દર્શન-દેખાવ, ભૌતિક સ્વરૂપો, સાપેક્ષ સંબંધો, વ્યાવહારિક મૂલ્યો વગેરેને અધૂરું અવિ-કસિત મન પોતાની મર્યાદિત દૃષ્ટિના વ્યાપથી મૂલવી, વસ્તુનું અધૂરું દર્શન પામી શકે છે. ખુદ વસ્તુમાં જ એક નિર્દેશાત્મક આંતરિક પ્રાણતત્ત્વ કે સારતત્ત્વ હોય છે કે જેનું તારતમ્ય પામવા માટે પાંચ જ્ઞાનેન્દ્રિય (અને તેના સ્વામી મન)થી પર કોઇ એક છઠ્ઠી ઇન્દ્રિય જ્ઞાનલોચન કે પ્રજ્ઞા દૃષ્ટિની જરૂર પડે છે. આમ અતીન્દ્રિય દ્વાર ખુલી જતાં અને પ્રજ્ઞાદૃષ્ટિ સાંપડતાં વસ્તુ તેના સત્ય સ્વરૂપે દેખાય છે.

ગુરુ ન હોય તો પરોક્ષ સંપર્ક કેળવવો.

* * *

સદ્ગ્રંથો અને સંતોના કથામૃતનું પાન કરવું.

ત્રણ સત્કર્મોના સમુચ્ચયનું

# બિલીપત્ર

અકર્મી

પ. પૂ. શ્રી યોગેશ્વરજી ભાવનગર પધાર્યા ત્યારે એક વેપારીભાઇ પૂ. શ્રી ને પૂ. માની બપોરની સત્સંગની બેઠકમાં આવવા લાગ્યા. એમનો પૂ.શ્રી સાથેનો પ્રથમ પરિચય હતો. બે દિવસ બાદ એમણે એક ચિઠ્ઠી લખી પાસે બેઠેલા મને આપી. હું સમજયો કોઇક પ્રશ્ન હશે, એટલે પૂ. શ્રીને આપવા જતો હતો, તો તેમણે મને વાંચવા કહ્યું. તેઓ મારી પાછળજ બેઠા હતા.

ચિઠ્ઠીમાં પૂ.શ્રી એમને ત્યાં ભોજન લેવા પધારે કે કેમ? –એવી જીજ્ઞાસા દર્શાવેલી.

મેં લખ્યું. " પૂ. શ્રી પોતે જ્યાં ઉતર્યા હોય છે તે સિવાય બીજે જમવા જતા નથી. આ એમનો વર્ષોનો નિયમ છે."

તો એમણે બીજો પ્રશ્ન તુરત લખ્યો. "મારે ત્યાં પધારશે ખરા ?"

'ના, જી . પૂ. માતાજી જ્યોતિર્મયીના સ્વર્ગવાસ પછી કયાંય જતા નથી.'

પરંતુ એ ભાઇનો ઉત્સાહ ભારે હતો. મારા આ પ્રત્યુત્તરોથી તે જરાય નિરાશ થયા નહિ. એમણે મનમાં કંઇક નિશ્ચય કરીને પોતાના હાથે બાંધેલી ઘડિયાળ છોડી પૂ. શ્રી ને આપવા મારા હાથમાં મૂકી. ઘડિયાળ મોટી, સુંદર, નવી ને કિંમતી હતી. પૂ. શ્રીએ એને હાથમાં લીધી અને એમને પણ એ ગમી ગઇ ! એનું ડાયલ પણ સરસ હતું.

પૂ. શ્રીએ કહ્યું કે મેં થોડાં વખત પહેલાંજ નવી



ઘડિયાળ લીધી છે. એટલે બીજી લઇને શું કરૂં ! તમારી ભાવના સારી છે. ચાલો, હું હાથ ઉપર પહેરીને તમને પાછી આપું છું. હવે એ પ્રસાદી બની ગઇ. "

એ ઉદારચિત્ત ભાઇનું નામ હતું શ્રી ગિરધરભાઇ ચાવડા. એમને છેલ્લે દિવસે જાણ થઈ કે પૂ. શ્રીનાં પ્રવચનોમાં માઈકના ખર્ચનાજ રૂા. ૧૦૬૫ જેટલા થયા છે. એટલે એમણે પોતાની પુત્રીના આગામી લગ્ન પ્રસંગે અહીંની સંસ્થાને માઇકના સાધનો ભેટ આપવાની જાહેરાત કરી. કેવી સરસ ભાવના !

## જીવન વહેણ બદલાયાં

પૂ. શ્રી યોગેશ્વરજીના ભાવનગર બપોરના સત્સંગમાં એક યુવાનભાઇ આવતા. તેને ત્રણ ચાર વર્ષથી શારીરિક તકલીફ રહે. એણે પૂ શ્રીને કહ્યું, " મારી ઉમ્મર નાની છે, પણ શરીર સ્વાસ્થ્ય બરાબર રહેતું નથી. હું જોડા સીવવાનું કામ કરું છું. પરંતુ ઝાઝું બેસી શકતો નથી. મને સારૂં થાય એવું કંઈ બતાવો. "

પૂ.શ્રીએ તુરત જ પૂછયું " ભૂખ લાગે છે ? "

" ના."

" ચા પીઓ છો ? "

" હા. ત્રણ ચારવાર પીઉં છું "

" છોડવી છે ? "

" હા. આપ કહો તો છોડી દઉં. "

" અમે તો કહીએજ છીએ. કોઈ પણ પ્રકારનું વ્યસન ન રાખો. ચા આજથી જ, અરે, અત્યારથી જ છોડી દો. "

" સારૂં, અત્યારથી જ છોડી દીધી. "

"મન મક્કમ રાખજો. કશું જ નહિ થાય વ્યસન તમારાથી થોડું જ બળવાન છે?"

એક મિનિટ રહીને ફરી પૂ.શ્રીએ પૂછ્યું. "બીડી પીઓ છો." ?

એ યુવાને શરમાતાં શરમાતાં કહ્યું, "હા"

'એ પણ છોડવી છે? અત્યારેજ કહી દો. આ સારૂં જ મુહૂર્ત છે એમ સમજો. જીવન સુધારવા માટેનો સંકલ્પ કરો એ સારૂં મુહૂર્ત જ ગણાય." સુરત શિબિરમાં લગભગ ૨૦૦ જેટલા ભાઈબહેનોનાં નાનાં મોટાં વ્યસનો ગયાં"

"બીડી પણ છૂટી જાય તો સારૂં. હું છોડવા તૈયાર છું." યુવાને કહ્યું.

"અત્યારે ગજવામાં છે? હોય તો બહાર કાઢો ને બહાર ફેંકી દો."

"અત્યારે પાસે નથી. પણ ઘરે છે. હવે એને નહિ અડું. અત્યારથી જ છોડી દેવાનો સંકલ્પ કરું છું."

"શાબાશ, હવે જુઓ. દરરોજ સવારે ને સાંજે દૂધ પીઓ તેની સાથે કેસરી જીવન કે ચ્યવનપ્રાસ લો. થોડા વહેલા ઊઠો ને ફરવા જાઓ. થોડાં ધ્યાન જપ કરો. પછી જુઓ, શરીરમાં સ્ફુર્તિ આવે છે કે નહિ! મનમાંથી એ વિચારજ કાઢી નાંખો કે તમે માંદા છો. તમને કોઈ રોગ નથી. જીવન પદ્ધતિ થોડીબદલાવો એટલે શરીર આપોઆપ સારૂં થઈ જશે."

અને બીજાજ દિવસથી એ યુવાને પોતાનાં વ્યસનો છોડી દીધાં. દૂધ અને ચ્યવનપ્રાસ લેવા માંડ્યું. તો ચારેક દિવસમાંજ તેના મુખ ઉપર સ્ફુર્તિ દેખાવા લાગી. એની શારીરિક



અને માનસિક બિમારી એક સંતપુરુષના સંકલ્પના સહારે સદાને માટે ચાલી ગઈ. નવી જીંદગીની શરૂઆત થઈ. જીવન વહેણ બદલાયું.

## પાંખડી ૩

તા. ૨૩–૭–૮૨ને આષાઢ સુદી ૧૪ને શનિવારનો દિવસ. સવારના આઠનો સમય.

પૂ. શ્રી અને પૂ. માના ભાવનગરના ઉતારે કેટલાંક સાધક ભાઈબહેનો ભેગાં થયાં છે. અમદાવાદ તરફ પ્રયાણ કરવાની તૈયારી ચાલી રહી છે, એક પછી એક બધાંજ ભાઈબહેનો પૂ શ્રી ને પૂ. માને પ્રણામ કરે છે. ને તેઓના શ્રીચરણોમાં ગુલાબનાં પુષ્પો ધરે છે. પૂ શ્રી પ્રસાદીનું કરીને પુષ્પ પાછું આપે છે. એમનો સ્પર્શ ને સંકલ્પ પામેલું એ ફુલ સાધક માટે એના માનસિક અને શારીરિક સંરક્ષણની ઢાલ બની રહે છે. એવા સાધકોના કેટલાય અનુભવો છે, શ્રદ્ધા છે.

એમાં એ યુવાન છોકરો પણ છે. તે પહેલીવારજ પૂ. શ્રી ને પૂ. માના દર્શને આવ્યો છે. તે હજી વિદ્યાર્થી છે; પરંતુ અભ્યાસમાં લક્ષ નથી. તે પગે લાગવા આગળ આવ્યો ત્યારે પૂ. માના કાનમાં એક સત્સંગી બહેને કહ્યું, "મા, આ મારો ભાઈ છે."

પૂ. માએ આનંદ ને આશ્ચર્ય સાથે કહ્યું "એમ! પછી એમણે પૂ.શ્રીને પેલા યુવાનનો પરિચય આપતાં કહ્યું. આપણી સેવા કરતાં સત્સંગી બહેન...નો આ ભાઈ છે."

પૂ. શ્રીએ પ્રણામ કરી ઊભેલા એ યુવાન સામે જોયું. જોતાં જ એનું આખું આંતરિક જીવન એકસરે મશીનમાં કોઈ દાકતર દર્દીનું આંતરિક ભૌતિક શરીર જુએ, એમ ભવરોગના

આ મહાન ચિકિત્સકે જોઈ લીધું પછી ધીરેથી પૂછ્યું, "બોલો ભાઈ, સુધરવું છે ! પ્રતિજ્ઞા લેવા તૈયાર છો ? પેલા વિદ્યાર્થીએ માથું હલાવી હા પાડી. પૂ. શ્રીએ પાસે ઊભેલા ભાઇને પાણી લાવવા સૂચના આપી, "ચાલો ભાઇ, હાથમાં પાણી રાખો ને બોલો, "હે પરમકૃપાળુ પરમાત્મા, હે યોગેશ્વર મહારાજ આજથી હું નિયમિત ઘરે સુવા જઈશ. પૈસા વેડફીશ નહિ વગેરે વગેરે."

વિદ્યાર્થીએ પૂ. શ્રી એ બોલાવેલા બધા જ શબ્દોનો નાના બાળકની જેમ પુનરોચ્ચાર કર્યો. એના મનમાં એ મથામણ હતી કે મારા જીવનની અંગત વાતોની એમને શી રીતે ખબર પડી !

પૂ. શ્રીએ ફરીથી પૂછ્યું, "પ્રતિજ્ઞાઓ પળાશેને ? કે પછી કંઇ મુશ્કેલી છે !

હવે વિદ્યાર્થીએ સુદૃઢ સ્વરે જવાબ આપ્યો "પળાશે ! કોઇ મુશ્કેલી નથી."

પૂ. શ્રીએ પ્રેમભરી વેધક દૃષ્ટિથી એ વિદ્યાર્થી સામું જોયું. જાણે કે એ દૃષ્ટિથી સંકલ્પથી એના તન તથા મનને કવચ ધરી સુરક્ષિત ન કરી રહ્યા હોય !

અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જાય તે ગુરુ.

* * *

ગુરુ એટલે પરિપૂર્ણ થયેલી પ્રભૂતા.



## પ્રભુ મારી પૂરી કરોને આશ

ધોવા દો રે સંતરાજ,
પગ મને ધોવા છે સંતરાજ,
પ્રભુ મારી પૂરી કરોને આશ...

ચરણ તમારા કામણગારાં, નર નારાયણ થાય,
નારી બને નારાયણી ને જીવન ધન્ય થઇ જાય.
....પ્રભુ મારી

મન કર્મ વાણી ચરણ તમારે સૌની થાય સંભાળ,
અમ જેવા શિશુ સાધકની સાધના સફળ થાય.
...પ્રભુ મારી

તવ ચરણામૃતને શિરે ધરતાં, ગંગા સ્નાન પમાય,
માનવ જીવન સફળ થાયને જ્ઞાન વૈરાગ્ય પમાય.
...પ્રભુ મારી

સાચા સંતનો સંગ જ થાતાં જીવ શિવ થઈ જાય,
જીવનનું સોનું મધુ બનેને, આનંદ ઉર ઉભરાય.
....પ્રભુ મારી

મધુસૂદન બી. ઉપાધ્યાય

## જે ગમે સદ્‌ગુરૂદેવને

જે ગમે આપણા સદ્‌ગુરૂદેવને
તેણી પેરે રૂડાં કર્મ કરવાં,
નિત્ય પરભાતમાં વહેલા જાગ્યા પછી
સ્નાનાદિ કાર્ય પછી ઈષ્ટ ભજવા. જે ગમે
સ્નેહની વાટને કર્મના કોડિયે
ભાવના ઘૃત પુરી દીપ કરવા,
સકળ સંસારને ધૂમ્રસેર માનીને
ગુરૂચરણે રૂડા ધૂપ કરવા. જે ગમે
પંચ પ્રાણાયામ કરી પ્રાણને રૂંધવા,
સકળ વિચાર શિવ ચરણ ધરવા
પંચ ઓમ્કાર ભણી, શિવોહમ્ ભાવ ધરી
સદ્‌ગુરૂમાં શિવનાં દર્શ કરવાં. જે ગમે.
ચિત્તના ભ્રમરને પદ્મઆસન મહીં,
દિવ્ય પમરાટમાં મસ્ત કરવા,
ચૈતન્ય વીણા તણા તાર ઝંકૃત કરી
જપ તણાં અમીરસ પાન કરવાં. જે ગમે
ઝળહળ જ્યોત્ જલે હેમને કોડિયે
દર્શ કરી, શિવચરણ સ્પર્શ કરવાં,
પ્રણવનાં ગાન કરી, મસ્તી ભાથું ભરી
પૃથ્વીના પાટલે ગમન કરવાં જે ગમે
દેહ જે આપણા, આપણા નવ રહ્યા
ગુરૂ ગમ્યાં કાર્યમાં મગન કરવાં
વચન, જપ, નિયમો જે બધા ગુરૂ કહ્યા,
પાળી જીવન મરણ ધન્ય કરવાં. જે ગમે

સૂર્યકાંત લ. ભટ્ટ



## કેમ કરી સમજાવું !

મનવા ! કેમ કરી સમજાવું ?
વિમલ વિવેક વધાવું. મનવા !

તું સમજયે સંસાર સુધામય,
તું ના સમજે શો સરજે લય !
બંધનનાં તું રચતો આલય :
લખ ચોર્યાસીના ચક્કરમાં
શી વિધ તુંને સજાવું ? મનવા !

આટઆટલા સહ્યા પ્રહારો !
દેહ દેહીનો ક્યાં ઓવારો ?
સતત ચરે માયાવી ચારો :
ધૂમ-બાચકા ભરતું નિશદિન
શિવ-પથપર શેં લાવું ? મનવા !

ભોગે રત, ના યોગ-સહારો,
પલપલ ઝંખે પ્રેય-વિહારો,
તુંજ વિશ્વે અસ્થિરતા ધારો :
ક્યારે ઠરશે વિસુવિયસ આ ?
દગ્ધ-ચિત્ત ક્યાં જાવું ? મનવા !

સંત-ગુરૂ-પ્રભુ-અનુગ્રહ યાચું,
હરિવર શરણું કેવલ સાચું
સકલ કરણથી તન્મય રાચું :
ઓજ બને બલ અમિત, અનામી !
શ્વાસે શ્વાસે ધ્યાઉં. મનવા !

ડૉ. રણજિત એમ. પટેલ (अनामी)

૧૦ વર્ષે
ત્રણ ગણા
અને સાથોસાથ સુરક્ષા

## સામાજિક સુરક્ષા પત્રો

- આ પત્રો રૂા. ૫૦૦ તથા ૧૦૦૦ ના મૂલ્યમાં મળી શકશે.
- પાકતી મુદતે વાર્ષિક ૧૧.૬૧ ટકા ચ.વૃ. વ્યાજ થાય છે.
- ૧૮ થી ૪૫ વર્ષની વચ્ચેની ઉંમરની કોઇપણ તંદુરસ્ત વ્યક્તિ આ યોજનાનો લાભ લઇ શકશે. આ માટે તબીબી પ્રમાણપત્રની જરૂર નથી.
- સુરક્ષાપત્ર ખરીદીથી-(૧) બે વર્ષ દરમિયાન અકસ્માતથી બિનકુદરતી મૃત્યુ થાય અથવા (૨) બે વર્ષ પૂરાં થયા બાદ કોઇપણ કારણસર મૃત્યુ થાય તો કાયદેસરના વારસદારને ત્રણ ગણી રકમ તુરતજ ચૂકવવામાં આવશે, જે કરમુક્ત રહેશે.
- રોકાણ મર્યાદા-વ્યકિતદીઠ રૂા. ૫૦૦૦ સુધી

વિશિષ્ટ સવલતો:
- વારસ નિયુક્તિની સગવડ છે.
- જરૂર પડયે ત્રણ વર્ષ બાદ વટાવી શકાય.
- ઓળખપત્રની સગવડ છે.
- રૂા. ૧,૬૫,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્તિ મળે છે.
- અન્ય માન્ય જામીનગીરીઓના રોકાણ પર રૂા. ૪,૦૦૦ ના કરકમુક્તિ વ્યાજના લાભો ઉપરાંત આ પત્રો ઉપર વધુ રૂા. ૨૦૦૦ સુધીનું વ્યાજ કરમુક્તિને પાત્ર છે.

વધુ માહિતી માટે:
નજીકની પોસ્ટ ઓફિસ; જિલ્લા કલેકટર કચેરી; નાયબ નિયામક, નાની બચત-રાજકોટ,વડોદરા,અમદાવાદ; રાષ્ટ્રીય બચત સંસ્થા, લાલ દરવાજા અમદાવાદ કે અધિકૃત એજન્ટોનો સંપર્ક સાધો.

– કમિશનર, નાની બચત અને રાજ્ય લોટરી, ગુજરાત રાજ્ય.

નાની બચતમાં નાણા વધે-નર્મદા યોજના આગળ ધપે




# સાધ્વી ભારતી મૈયા

પ્રપન્નલાલ કાજી

“કળિમાંથી કુલમાં યોગિનીબ્હેનના પરિચયમાં પૂ. યોગેશ્વરજી આ શબ્દો વાપરે છે.” સંસારના કાદવમાં ખીલેલી કોઈ કલાત્મક કમલિની” આ શબ્દો સુરત નિવાસી સાધ્વી ભારતી મૈયા માટે વાપરી શકાય એમ છે.

એમનો જન્મ ભાવનગર પાસે સણોસરા ગામમાં તા. ૧૪–૧૦–૧૯૨૦ ના દિને રજપુત જ્ઞાતિના શ્રી સુરસિંહજી ગોહિલ પિતા અને કેસરબા માતા આ દેવ દેવીનાં પરમભક્ત દંપતીને ત્યાં થયો હતો. ફક્ત વાંચવા લખવા જેટલું જ જ્ઞાન એ રૂઢિચુસ્ત રાજકુટુંબમાં એમને મળ્યું હતું. સોળ વર્ષની વયે ગેમલસિંહ સાથે એમનું લગ્ન થયું અને બે દીકરા અને એક દિકરીનાં માતા બન્યાં.

ગેમલસિંહ હુલામણા નામે ઓળખાતા ગનુભાઇ. “જીવન ભારતી” શાળા સુરતમાં કોલેજ કેળવણી ગાંધીજીની હાકલને માન આપતાં છોડી આચાર્ય તરીકે જોડાયા. આ દંપતીએ ગાંધી યુગના રંગે રંગાઇ બાળમંદિર, પ્રૌઢ શિક્ષણ, દારૂબંધી ખાદી વિ. પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડયો.

બાલ્યકાળથી ભારતીબ્હેનને ધ્યાન ધૂન જપ ઈ. તરફ ખુબજ ભાવ હતો. સુરતમાં સને ૧૯૫૫ માં એમને જગદંબા માતાજીનો સાક્ષાત્કાર થયો અને વારંવાર માતાજીએ સ્વપ્નમાં સંકેત કર્યો. “તાપી તટે મારૂં મંદિર તું બાંધ!”

સંકેતમાંથી સંકલ્પનો જન્મ એમના મનમાં થયો. અને એમણે માત્ર થોડું દૂધ અને અઠવાડિઆમાં એક વાર બાફેલા

કંદનોજ ખોરાક કરી દીધો અને ઉપવાસો ૧૯૫૫ થી શરૂ કર્યા તે આજદિન સુધી ચાલુ છે.

એકએક રૂપીઓ ઉઘરાવી ઝોળી લઇને શહેરોમાં અને ગામોમાં ફરી ઉઘરાવી કાર્ય શરૂ કર્યું અને માની કૃપાથી ૧ લાખ રૂ. ભેગા થયા. તા. ૫-૯-૬૬ ના રોજ અંબિકા નિકેતન ટ્રસ્ટ થયું. સુરતની પાસેનું અઠવા ગામ જે શહેર વિસ્તારમાં આવી ગયું છે, ત્યાં વિશાળ જગ્યા થોડી કિંમતે મળી અને એજ વર્ષમાં વિશાળ મંદિર તૈયાર થઇ ગયું.

આવા ઉપવાસ છતાં એમના શરીરમાં ચપળતા અને સ્ફૂર્તિ છે. સને ૧૯૭૧ ના જાનેવારીમાં એમણે સુરતથી આબુ અંબાજી જવા માટે યાત્રા સંઘની યોજના કરી અને સાડા ત્રણસો ઉપરાંત માઇલ પગપાળા સંઘને દોરી ગયાં. રોજના પચ્ચીસ માઇલની ઝડપે ચાલતાં, હાથમાં ધ્વજ લઇને સૌથી આગળ જરા પણ હાંફ વગર એ દોટતાં જતાં હતાં. બીજા યાત્રાળુ તો આ ઝડપ જોઇને આશ્ચર્યમુગ્ધ બની જતા. ત્યાં પહોંચી ૧૦૮ વાર સતત ચાલી ગબ્બરના ડુંગરની પ્રદક્ષિણા કરી. આ પ્રદક્ષિણાની શરૂઆત મહા માસની એકાદશીના રોજ કરી અને પુનેમે તે પૂરી કરી. આ દિને માતાજી એમના અંગમાં પ્રગટ થયાં અને ત્યાર બાદ ગિરનારની પરિક્રમા પણ અનેકવાર કરી. સને ૧૯૭૬માં લક્ષચંડી યજ્ઞનો મે માસમાં પ્રારંભ કર્યો. ૧૦૧ યજ્ઞકુંડ અને ૧૧૨૫ ખૂબ વિદ્વાન બ્રાહ્મણોની પાસે ચંડીપાઠ કરાવ્યા. તેમાં શ્રી મહાશંકર શુકલ જેમને રાજ્ય સરકારે તેમ કેન્દ્ર સરકારે એવોર્ડ આપ્યા છે, એ ૮૬ વરસના આજે છે તે સાચા અગ્નિહોત્રીએ નેતૃત્વ લીધું હતું. આ ભવ્ય આયોજનમાં લાખો ભક્તોએ પોતાનો ફાળો આપ્યો હતો.



અંબિકા નિકેતન ટ્રસ્ટમાં વિના માંગણીએ દાનો આવ્યાં જ કરે છે અને એ પ્રવાહને લીધે ગૌશાળા, સંસ્કૃત પાઠશાળા, અતિથિગૃહ વૃદ્ધાશ્રમ વિ. યોજવામાં આવ્યાં છે. મૈયાનું એક સ્વપ્ન સાકાર કરવા પ્રયત્નો ચાલે છે તે સૂર્ય પુત્રી તાપી-સૂર્યમાતા રન્નાદે-રાંદેર અસ્તિત્વમાં સેંકડો વરસથી જ્યાં છે તે તાપી તટે સૂર્યનિકેતન બનાવવું-અને તે અંગે પ્રયત્નો ચાલુ છે. આ યોજના શરૂ થઈ ગઇ છે.

અંબિકા નિકેતન તાપી નદીને તટે એક અધ્યાત્મનું સૌંદર્ય ભરેલું સ્થાન છે. અને સમાજસેવા ગૌસેવા સંસ્કારી પવિત્ર ધાર્મિક પ્રવૃત્તિથી આ સ્થાન સદા ગાજતું રહે છે-એ એક સુરત શહેરને શોભાવતું તીર્થસ્થાન બન્યું છે.

સવારના ત્રણ વાગે ભારતીમૈયા ઉઠી જાય છે. પછી પોતાને હાથે જ પોતાના પતિ સાથે અષ્ટભૂજા માતાજીનું પૂજન અર્ચન સ્નાન વિ. માં એઓ ધ્યાન જપ કર્યા પછી જોડાય છે. હજુ પણ ઉપવાસો તો ચાલુ જ છે.

બાળપણથી જ કૃષ્ણભકિત તરફ પ્રેમ, પછી લગ્નજીવન કાળ અને અત્યારે અધ્યાત્મજીવન કાળ એમનો ચાલે છે. "સંસારના નશ્વર પદાર્થો અને ક્ષુલ્લક વિષયોમાંથી મન એમણે ખેંચી લીધું છે" આ પણ દેવદુર્લભ દુનિયાનું ફુલ છે. "એમનું જીવન શરદઋતુના આકાશ જેવું સ્વચ્છ, ગંગા જેવું ગૌરવવાળું ને પાવન કરનારૂં તથા ઇન્દ્રધનુ અથવા મોરનાં પીંછાના રંગ જેવું આકર્ષક અને સુંદર છે" એમની મુખાકૃતિ ખૂબજ નિર્મળ મધુર અને સુંદર છે. ઈશ્વરે એમને સુંદરતા અને મધુરતા જેવી પ્રેમાળ આંખ, મીઠી વાણી, અને શરીરની શોભા અર્પણ કરી છે. "આ એક મહાન ને જન્મજાત યોગિની, તપસ્વીની છે. "મંગલ

તાથી તારી દેવાની શકિત ધરાવે છે." એના પર ,સાત્ત્વિક પ્રકાશ પથરાયેલો છે અને અવલોકતાં વેંત જ અનોખો આદરભાવ પેદા થાય છે. પૂજ્ય યોગેશ્વરજીના શબ્દોજ મને ભારતીમૈયાનાં વર્ણન માટે યોગ્ય લાગ્યા છે એમનાથી વધુ સારા અને સાચા શબ્દો મારી પાસે કયાંથી હોય ? ભારતી-મૈયાને વંદન હો.

માણસની આકરામાં આકરી મુસીબતો ત્યારે શરૂ થાય છે—જ્યારે એ પોતે મનફાવે તેમ વર્તી શકે એમ હોય છે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

શાંતિભાઈ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭ : ઓફિસ ૩૩૬૬૦



# ઊઠી શમવે તે સંત : ના ઊઠે તે ભગવંત

શ્રી યોગેશ્વરજી

આપણી આજુબાજુનાં વાતાવરણનુ-માનવસમાજનું નિરીક્ષણ કરતાં શું લાગે છે ? મોટા ભાગનાં માનવો પોતાના મનમાં પેદા થનારી રાગદ્વેષની, કામક્રોધાદિ વિપરીત વૃત્તિઓના તરત જ ભોગ બની જાય છે. જે વૃત્તિ કે વિચાર અથવા ઊર્મિતરંગ ઊઠે છે તેની વાસ્તવિકતાને વિચાર્યા વિના, તેના સારાસારને સમજ્યા વિના કે સમજવાની પણ પરવા કર્યા વિના, એ શુભ છે કે અશુભ અને એનું પરિણામ પોતાના વ્યક્તિગત આત્મવિકાસને માટે તથા સમષ્ટિગત, સુખાકારી, શાંતિ, સમુન્નત્તિ કે સમૃદ્ધિને માટે કેવું આવશે, કલ્યાણકારક કે અકલ્યાણકારક, એનો વિશેષ અથવા અલ્પ-મથામણમાં પડ્યા વિના એમના પ્રવાહમાં પ્રવાહિત બનવા અને અંતતોગત્વા પરવશ બનીને પૂર્ણપણે તણાવા માંડે છે. પાણીના પ્રચંડ પ્રવાહમાં જેમ નાનાં નાનાં લાકડાં, કાગળ કે કપડાં તણાય છે તેમ એમના મનમાં એક વિચાર, ભાવ, સંકલ્પ, ઊર્મિ વિકાર, ઊઠે છે કે તરત જ એ એનો આજ્ઞાંકિત સેવકની પેઠે અમલ કરી દે છે. કેટલીકવાર તો એમને ખબર પણ નથી પડતી કે વિચાર, ભાવ, સંકલ્પ, ઊર્મિતરંગ કે વિકાર કયારે ઉઠયો ને કયારે ક્રિયાન્વિત અથવા અમલી બન્યો. એમાંના કોઈકોઈ વિરલ આત્માઓને ના કરવા જેવાં કર્મોને કરવા માટે પાછળથી દુઃખ, શોક કે પશ્ચાતાપ પણ થાય છે. પોતાની ભૂલોનું પુનરાવર્તન ન

કરવાનો તે સંકલ્પ પણ કરે છે. પરંતુ અધિકાંશ માનવો પોતાના મનોભાવો ને પોતાની મનોવૃત્તિના એવા દાસ હોય છે કે મીઠાઇ ખાવાનો વિચાર આવ્યો ને મીઠાઇ ખાઇ લીધી. ચોરી કરવાનો સંકલ્પ થયો ને એના શુભાશુભ પરિણામને વિચારવાની તસ્દી લીધા સિવાય ચોરી કરી લીધી. કામક્રોધની વૃત્તિઓ જાગી અને એમના શિકાર બની ગયા. લોભ ને મોહને, રાગ ને દ્વેષને સંતોષવા વિપળનાય વિલંબ વિના આકાશ–પાતાળને એક કરી નાખ્યાં એ ભૂમિકાથી આગળ વધેલા કેટલાક ઉદાત્ત આત્માઓ વૃત્તિના સારાસારને, કામનાની શુભાશુભતાને, કલ્યાણકારકતાને અથવા અકલ્યાણકારકતાને સમજી શકતા હોય છે તે પણ આવશ્યક આત્મબળના અભાવને લીધે, પુરાણી આદત અથવા રસવૃત્તિને લીધે, સ્વભાવની કોઇક અસાધારણ ત્રુટીને લીધે, સંગદોષને લીધે અથવા એવા જ કોઈક બીજા મહત્ત્વના પ્રધાન અથવા ગૌણ કારણને લીધે, પોતાની જાતનો સંયમ સાધીને, અશુભને ત્યાગીને, શુભનું ગ્રહણ કરી શકતા નથી. કલ્યાણની કેડીને બૌદ્ધિક રીતે સાચારુપે સમજવા છતાં પણ એ કેડીએ આગળ વધી શકતા નથી. અશુભને જાણવા છતાં પણ એનો અંત નથી આણી શકતા. અમંગલનો સદાને સારુ સંબંધવિચ્છેદ નથી કરી શકતા. દુર્વિચારો, દુર્ભાવો, દુર્વૃત્તિઓ, દુષ્કર્મોને હફનાવી નથી શકતા એમના જીવનમાં વિપરીત, વિનાશક, વિચારો ને વૃત્તિઓ તથા વ્યવહારોનું તાંડવ ચાલ્યા જ કરે છે. એમનાં જીવન અથવા અંતઃકરણ આસુરી ભાવો તથા એમાંથી પાંગરતી તથા પુષ્ટિ પામીને પ્રાણવાન બનતી પ્રવૃત્તિઓનો અખાડો બની જાય છે. એ પોતાના મનની આસુરી વિચારણા, વૃત્તિ કે વાસનાને સમાવી નથી શકતા. એમના મનમાં વાસનાના સંસ્કારો સુતેલા હોવાથી, પદાર્થો



અથવા વાસનાપૂર્તિનાં સાધનોનો અભાવ હોય ત્યારે પણ એ માનસિક રીતે પણ વિચારો, ભાવો ને વિકારોને સેવ્યા કરે છે અને એમનો અંદરખાને આસ્વાદ માણે છે. બહારથી વિષયોને ને પદાર્થોને ત્યાગનારા માનવોમાં પણ એવી અવસ્થા અવલોકવા મળે છે.

બે સાધુપુરુષો સર્વસંગપરિત્યાગી વિવિક્તસેવી બનીને અલગ અલગ રીતે વનમાં વાસ કરતા. એમની તપશ્ચર્યા ચાલુ હતી. એમના આશ્રયસ્થાનની સમીપે જ સરિતા વહેતી. એ સરિતા તરફથી એકવાર અવાજ આવ્યો કે “મને બચાવો, બચાવો. ભગવાન તથાગતના નામે બચાવો.” એ અવાજને સાંભળીને એક સાધુ પોતાના સ્વાધ્યાયને છોડીને તરત જ ઊભો થયો. સરિતાની દિશામાં દોડી ગયો, ને શું થયું છે તે જોવા લાગ્યો. ત્યાંની પરિસ્થિતિ અતિશય કરૂણ તથા હૃદયવિદારક હતી. એક નવયૌવના સ્ત્રી સરિતામાં સ્નાનાદિ કરવા આવેલી તે સરિતામાં તણાઇ ગયેલી. એ ડૂબવાની તૈયારીમાં હતી. પેલા સેવાભાવી સહાનુભૂતિસભર સાધુપુરુષે સમયસૂચકતા વાપરીને સરિતામાં સત્વર ઝંપલાવ્યું ને પેલી સન્નારીને મૃત્યુના મુખમાંથી બચાવી લીધી. એ અચેત બનેલી સ્ત્રીને સરિતામાંથી બહાર કાઢી, પોતાના આશ્રમમાં લઇ જઇને એણે આવશ્યક ઉપચાર કરીને સુદીર્ઘસમયના સેવાકાર્ય પછી સ્વસ્થ કરી. સ્ત્રીએ એનો આભાર માન્યો ને સંકોચ સાથે કૃતજ્ઞભાવે વિદાય લીધી.

બાજુમાં રહેતા બીજા સાધુને એ સાધુનો એ વ્યવહાર સારો ના લાગ્યો. એને થયું કે સાધુનું અધઃપતન થયું. એ લાગણીનું પ્રદર્શન પણ એણે અવારનવાર કરી બતાવ્યું. છતાં પણ પેલો સેવાભાવી સાધુપુરુષ શાંત જ રહ્યો.

એ વાતને થોડો વખત વીતી ગયો.

પેલા સેવાભાવી સાધુપુરુષને એ સ્થાન છોડીને બીજે સ્થળે જવાની ઇચ્છા થઈ.

એ નીકળતી વખતે બીજા સાધુપુરુષને મળવા આવ્યો તો તેણે તરત જ જણાવ્યું કે તારું તો અધઃપતન થયું છે. દિવસો પહેલાં તે સરિતામાં કૂદકો મારીને પેલી સુંદર સ્ત્રીને કુટિરમાં આણેલી. એ સ્ત્રીને તું ઊંચકીને લાવેલો. હું તારું મોઢું જોવા નથી માગતો.

પેલા સેવાભાવી સાધુપુરુષે દલીલ ના કરી. એણે એટલું જ કહ્યું કે "એ દુઃખી સ્ત્રીને એક સાધુપુરુષના ધર્મ પ્રમાણે સરિતામાંથી બહાર કાઢીને મેં તો એની સારવાર કરીને પછી મૂકી દીધેલી. એ વાતને વખતના વીતવાની સાથે હું ભૂલી પણ ગયેલો. પરંતુ આટલો બધો વખત વીતી ગયો છે તો પણ હજુ એ સ્ત્રી તારા મનમાં રમ્યા જ કરે છે. તું એને સરિતામાં પડીને રોજ ઊંચકે છે અને એનો ભાર વહે છે."

બીજો સાધુપુરુષ કાંઇ જ ના બોલ્યો. ના બોલી શક્યો.

*

સંતપુરુષોને માટે કહેવાય છે કે ઊઠી શમવે તે સંત.

સામાન્ય માનવો પોતાની વિષયપરવશતા કે નબળા મનોબળને લીધે મનમાં પેદા થનારી બુરી વૃત્તિઓ, ઊર્મિઓ, કામનાઓ અને વાસનાઓના પ્રભાવમાં પડીને એમના પ્રવાહમાં તણાઈ જાય છે. એમનો સફળતાપૂર્વક પ્રતિકાર કરી શકતા નથી. પરંતુ સંતપુરુષોની વાત જુદી છે. એમના મનમાં કોઈકવાર કામ ક્રોધ લોભના, અહંતા મમતા અથવા આસક્તિના ભાવો જાગે છે અથવા અમંગલ વિચારો,



ભાવો કે કામનાઓ અથવા વાસનાઓ પેદા થાય છે. તો એમની અસારતા, અનિત્યતા અને દુઃખમયતાને વિચારીને એમના પ્રતિકૂળ પ્રવાહમાં તણાવાને બદલે એ ચેતી જાય છે. સાવધ થાય છે, અને વિકૃત વિચારો, ભાવો, વિકારો, કામનાઓ કે લાલસાઓને સદ્બુદ્ધિની સહાયથી શાંત કરી દે છે. મનમાં પેદા થનારા દુર્ભાવોને, વાસના કે વિકારોનાં વિષચક્રો કે તુમુલ તાંડવોને મન સુધીજ સીમિત રાખે છે. ઇન્દ્રિયોને તથા તનને એમની અસર નીચે નથી આવવા દેતા. એમની સંયમસાધના એવી અસાધારણ હોય છે કે એથી એ ગફલતમાં નથી પડતા અને વિષયાસક્ત થઈને પથભ્રાંત નથી બનતા.

એવી અવસ્થાવાળા પુરુષોને સંતકોટિના કહી શકાય. સંત શબ્દ કોઈ વર્ગવિશેષ કે જાતિવિશેષને માટે નથી વાપરવાનો. સંત શબ્દ જીવનની સાત્ત્વિકતા, ઉદાત્તતા અથવા સાધનાત્મક વિકાસનો, અંતરંગ આત્મિક અવસ્થાનો સૂચક છે. એનો ઉપયોગ કે પ્રયોગ એ સંદર્ભમાં જ કરવાનો છે. એ સંદર્ભમાં જ આપણે એનો ઉપયોગ કરી રહ્યા છીએ. એ અવસ્થા પણ કાંઈ જેવી તેવી સર્વસામાન્ય કે નાનીસૂની નથી. એવી અવસ્થાએ આરૂઢ થયેલા આત્માઓ પણ અત્યંત ઓછા, એકદમ વિરલ જોવા મળે છે. મીઠાઈ ખાવાની મરજી થઇ કે તરત જ એની અમંગલતાને, હાનિકારકતાને, અનાવશ્યકતાને વિચારીને એમાંથી મનને પાછું વાળી દીધું. કામક્રોધલોભની વૃત્તિઓ મનમાં ઉદ્ભવી. પરંતુ તે પરોક્ષ રીતે કામ કરતી મટીને અપરોક્ષ રીતે ક્રિયાન્વિત બને તે પહેલાં જ તેને સદસદ્બુદ્ધિની મદદથી મનમાં જ શમાવી દીધી. શાંત કરી. અહંકાર, રાગ, દ્વેષ, અસૂયા, દેહવાસના, લોકવાસના, શાસ્ત્રોના વાદવિવાદની વાસના, સિદ્ધિઓની કામના પેદા

થઇ ખરી. હજુ સુધી મન એટલું નિર્મળાવસ્થાએ પહોંચ્યું નથી કે તે પેદા જ ના થાય. પરંતુ તે મનને ખળભળાવે, હચમચાવે, બેચેન બનાવે, અને પરિપૂર્ણપણે પ્રભાવિત કે પરવશ બનાવીને જીવનમાં પોતાનું વર્ચસ્વ જમાવે તે પહેલાં જ વિવેકવતી વૃત્તિનો, આત્મનિરીક્ષણનો, પ્રાર્થનાનો, ભૂતકાલીન અનુભૂતિનો, વ્રત તથા નિયમના પરિપાલનનો, આત્મિક અનુશાસનનો, મહાપુરુષના શુભાશીર્વાદનો, ગમે તેનો આધાર લઇને તેને તત્કાળ કે પછી એટલી બધી શકિત ના હોય તો શનૈઃ શનૈઃ ક્રમેક્રમે શાંત કરી દીધી. જેથી એણે વિનાશકતામાંથી મુક્તિ મેળવી. એની શકિત, ભૂમિકા, અવસ્થા પણ ઓછી આશીર્વાદરૂપ નથી. એની અગત્ય પણ ઘણી મોટી છે.

માનવ ભૂલ કરે છે, દોષોનો શિકાર બને છે, પરંતુ ભૂલોને ઓળખીને, દોષોને દોષ તરીકે સમજીને, એમનો ભોગ ના બને અને એમનાથી ધીમે ધીમે પણ દૂર રહે ને મુક્તિ મેળવી શકે તો એવી ભૂમિકા પણ આવકારદાયક અથવા અભિનંદનીય છે. એવું થઈ શકે તો પણ માનવ કેટલાંય કુકર્મો કે કિલ્મિષમાંથી છૂટી શકે પોતાના મનનો, ભાવોનો, વિચારોનો, વિકારોનો શાસક થઇ શકે. બાદશાહ બની શકે. મનના વિચારો ને વિકારો મન સુધી સીમિત નથી રાખી શકાતા, એમને જ્ઞાત અથવા અજ્ઞાત રીતે પણ તનમાં કે સ્થૂળ પાર્થિવ ભૂમિકા પર આવતાં અથવા અનુવાદિત થતાં અટકાવી શકાતા નથી. એટલે જ કુકર્મો થતાં રહે છે. જે ઉત્તમ મનાય છે એ આચરાતું નથી. જેને અનુત્તમ અશુભ, અધમ ગણવામાં આવે છે એનાથી સદાનો સુખદ સંબંધવિચ્છેદ નથી કરાતો.

આત્માના અંતરંગ અભ્યુત્થાનની એક અન્ય અવસ્થા



વિશેષ પણ છે. એ અવસ્થાને "ના ઊઠે તે ભગવંત" એવા નામનિર્દેશ સાથે ઓળખવામાં આવી છે. આરંભની અવસ્થાવાળા સાધકો પોતાના વિચારો, વિકારો, ઊર્મિઓ, વૃત્તિઓ અને પશુભાવના પ્રભાવમાં પડીને તેમના પ્રવાહમાં પરવશ બનીને વહેવા માંડે છે. એ અવસ્થાથી આગળ વધેલા સાધકો-સંતકોટિના સાધકો વિચારો, ભાવો, વિકારો પર કાબુ કરી શકે છે. વિચારો કે વિકારોને વશ નથી થતા. એના કરતાં પણ આત્મિક અભ્યુત્થાનની આગળની અવસ્થા વિશેષપર પહોંચેલા મહાપુરુષોની અંદર દુર્વિચારો, દુર્ભાવો, દુર્વાસનાઓ ઊઠતાં જ નથી. એમનું મન બુરાઇ, અશુભ અથવા અમંગલ તરફ જતું જ નથી. બુરા વિચારો, ભાવો, સંસ્કારો, વિકારોને ઊઠ્યા પછી સદ્બુદ્ધિનો સમાશ્રય લઇને શાંત કરવામાં આવે એ એક વાત છે, અને એ મનમાં કોઇએ કારણે પેદા ના થાય, એ બીજી વાત છે. એ અવસ્થામાં માનવનું સૂક્ષ્મ મન અથવા અંતસ્તલ પણ નિષ્પાપ, નિર્દોષ, નિર્મળ બની જાય છે. ગમે તેવા વિકૃત વાતાવરણમાં પણ એ સંપૂર્ણ સ્વસ્થ અને શાંત રહે છે. એની અંતરંગ શાંતિ, સ્વસ્થતા, સ્થિતપ્રજ્ઞતાનો ભંગ નથી થતો. એવા લોકોત્તર મહાપુરુષો બ્રહ્મ જેવા નિર્દોષ હોય છે. એવું શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે.

નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતા.

એવા પવિત્રતા તથા પ્રભુમયતાની પરાષ્ઠાએ પહોંચેલા પુરુષવિશેષોને ભગવંત સ્વરૂપે ઓળખવામાં ને આદરપાત્ર માનવામાં કશી હરકત નથી.

જીવન વિકાસના એ ત્રિવિધ ક્રમમાંથી માનવે ક્રમશઃ આગળ વધવાનું છે. આગળ વધવાનો આરંભ જ્યાં છે,

જે પણ અવસ્થામાં હોઇએ, ત્યાંથી કરી દેવાની આવશ્યકતા છે. જીવનનો પ્રત્યેક દિવસ, આપણે ફાળે આવેલી પ્રત્યેક પળ, પરમ મૂલ્યવાન, પ્રાણવાન અને અનંત અકલ્પનીય શકયતાઓથી ભરેલી છે. એનું સતત રીતે સ્મરણ કરીને એના સદુપયોગમાં લાગી જઇએ તો ધારેલા લક્ષ્યાંક પર પહોંચી જઇએ. ઉપનિષદે ઉત્સાહ પ્રદાયક, પ્રેરક વાણીમાં જણાવ્યું છે કે "ચાલો ચાલો, પ્રગતિના પાવન પથ પર પુરુષાર્થી થઇને ચાલો. જે ચાલે છે તે મધુ મેળવે છે. તેનું ભાગ્ય પણ ચાલે છે. આગળ વધે છે. પલટાય છે. અનુકૂળ અથવા આશીર્વાદરૂપ બને છે.

ચરૈવેતિ ચરૈવેતિ.
ચરન્વૈ મધુ વિંદતિ.
ચરાતિ ચરતો ભગઃ

વિકારોથી વીંટળાયલો, વાસનાઓથી ઘેરાએલો, કામાસક્ત, મોહગ્રસ્ત માનવ કદી એવી અસાધારણ અવસ્થા પર પહોંચી શકશે જ્યારે એને વિકારો થાય જ નહીં, વાસનાઓ સતાવે જ નહીં, કામાસક્તિ ઘેરે જ નહીં ? અવશ્ય પહોંચી શકશે. એનું જીવન જ આદર્શ માનવ બનીને પ્રભુસ્વરૂપ થવા, ભગવંત બનવા માટે છે. એને માટે કશું જ અશકય નથી. માત્ર એણે અનવરત પુરુષાર્થ કરવો જોઇએ. આજ સુધી અસંખ્ય આત્માઓએ સંશુદ્ધિના એ સુમેરુ શિખરને સર કર્યું છે અને આજે કે ભવિષ્યમાં પણ સર કરી શકાશે. આવશ્યક્તા છે કરણી કરવાની. કહેવામાં આવ્યું જ છે કે નર જો કરણી કરે તો નારાયણ થઇ શકે, નર કરણી કરે તો નરકા નારાયણ હોય.



મહાયોગી શ્રી અરવિંદની અમરકૃતિ

# સાવિત્રી

આશા ત્રિવેદી

## મનોમય પ્રદેશ

પ્રાણમય ભૂમિકાનું સ્વર્ગ અત્યંત સુખદ હોવા છતાં ય એ આખરી ગન્તવ્ય સ્થાન ન હતું. જ્યાં સુધી પરમ તત્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આપણી આ યાત્રા ચાલુ જ રહેવાની. પરમાત્માની પૂર્ણ પ્રાપ્તિમાં આ પ્રાણમય સ્વર્ગ વિઘ્નરૂપ છે. એ યાત્રાને અધવચમાં અટકાવી દે છે. ઉપર ચડતા સાધકને સોનાના સુખમય પાંજરે પૂરી દે છે.

અશ્વપતિ હવે મનોમય ભૂમિકામાં પ્રવેશે છે. પ્રાણમય શરીરનો જે આત્મા છે એ જ આ મનોમય કોશનો આત્મા છે. એટલે કે આ બંને એક બીજા પર અવલંબન રાખે છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં तेनैष पूर्ण...કહીને આ વાત જ સમજાવી છે. પ્રાણમય કોશ મનોમય કોશથી પૂર્ણ છે. શ્રીઅરવિંદ પણ અહીં એ જ વાત કરતા લાગે છે. પ્રાણના આ સ્વર્ગીય પ્રદેશોની ઉપરની દિશાએ ઉજ્જવળ શાંતિના વાતાવરણમાં મનના બૃહત રાજ્યો આવેલાં છે. ઉજ્જવળ શાંતિનું વાતાવરણ એટલે હૃદય પ્રદેશ. મનના પ્રાગટ્ય વિષે કપિલગીતામાં સ્પષ્ટ કહ્યું છે કે हृदयान्मन उत्थितम् ॥ હૃદયમાંથી મનનો આવિર્ભાવ થયો. આ મન એ દ્વંદ્વનું સ્થાન છે. અહીં પ્રથમ ક્ષુદ્ર મનની વાત કરવામાં આવી છે. આ સુખ અને દુઃખનું મિલન સ્થાન છે. મનનો સ્વભાવ એવો છે કે એ ઉપરથી નીચે અને નીચેથી ઉપર જુએ છે. પણ બેમાંથી એકેયનું જ્ઞાન એને હોતું નથી. એને કેવળ જાતનું અને બાહ્ય વસ્તુઓનું જ સંવેદન હોય છે. પશુજીવનમાંથી મન-

ની મદદ વડે આપણે થોડું ઉંચે ચડ્યા છીએ, પણ અહીંના જીવનનું રૂપ અજ્ઞાનથી રચાયું હોય છે. મન શાશ્વત માટે પ્રયત્ન કરતું નથી, પણ જે તત્કાળ ફળ આપનારું હોય એવી બાબત માટે જ શ્રમ કરે છે. પોતે સર્વ ઇન્દ્રિયોના રાજા હોવા છતાં, પોતાની અનુચર એવી ઇન્દ્રિયોને આધીન રહે છે. આ પાર્થિવ મન મંદ ક્રિયાઓ વાળું છે. વળી શરીર ઉપર શાસન કરવાને બદલે એ શરીરની સેવામાં પ્રવૃત્ત રહે છે, એને પોતાને કાદવની પેદાશ માને છે. અર્થાત્ માનવનું સ્થૂળ મન આ વાત ભૂલી ગયું છે કે આપણે નિત્ય જ્યોતિ અને નિત્ય જ્ઞાન માટે સર્જાયા છીએ.

મનના રાજ્યને શ્રીઅરવિંદ આરંભની જ્યોતિનો પ્રદેશ કહે છે. આગિયા જેવા ઝાંખા પ્રકાશથી વ્યાપ્ત મસ્તક ઉપર આ પ્રદેશ આવેલો છે. અહીં મન નિવાસ કરે છે. વિચાર અને શંકા ઉપર સમાન આધાર લેતી ચતુરાઈ યુક્ત બુદ્ધિ અહીંની કાર્યકર્તા છે. અજ્ઞાનને સજ્ઞાન બનાવવાની એ શોધ કરતી હોય છે, પણ એનું જ્ઞાન વિશ્વને પકડમાં લઈ શકતું નથી. છેવટે કલ્પનાના સહારાથી મન ગુપ્ત અદ્ભૂત પ્રદેશોમાં પ્રવેશવાનું સાહસ કરે છે. પુરાણોની કથાએ મનની કલ્પનાને વેગ આપ્યો, અને એણે વિચારના માર્ગમાં પગલાં ભરવા માંડ્યાં. પોતે અજ્ઞાન હોવાથી સર્વ કાંઈ જાણી લેવાની ઉત્સુકતા હોય છે. સહુથી મહાન વસ્તુને શોધી કાઢવા, મન બાહ્ય પદાર્થોમાં બાચકા ભરે છે. પણ જ્ઞાન તો અંદર ગુફામાં સૂતેલું છે, બહારથી આવતું નથી. મન ગુંગળામણમાં થઈને પોતાની અંદર જોતું હતું, પણ ત્યાં પ્રભુ ન હોતો કારણકે ક્ષણિક જીવનારાં સત્યોને પ્રકાશવાની તક મળે એ માટે પરમ સત્ય પોતે છૂપાઈને રહેતું હોય છે. વળી પાર્થિવતા માત્ર મંદ પ્રગતિને જ સહી શકે છે. એ પોતાની મર્યાદામાં



રહીને કાર્ય કરે છે અને એમાં પોતાનું પ્રભુત્વ પ્રગટાવે છે. એ પોતાની અજ્ઞાનની દૃષ્ટિથી સર્વને માપવા જાય છે.

આવા મનની ત્રણ શક્તિઓ છે. વિચારશકિત, બુદ્ધિશકિત અને તર્કશકિત.

પ્રથમ વિચાર શકિત નાની છે, છતાંય મજબુત છે. સ્થૂળતાના નક્કર પાયામાં એનું બેસાણું છે. જીવનને ખાસ પ્રકારની ઘરેડમાં બાંધી રાખે છે. અને પોતે બનાવેલાં બીબામાં બંદી બની જાય છે. અને ચાલી આવતી લૌકિક પરંપરાને અને પોતાની ટેવને એ સત્ય કહે છે. ઉચ્ચતા અને વિશાળતાથી સંકોચાય છે. ઇન્દ્રિયગમ્ય જગતને ટકાવી રાખવાનો એનો પ્રયત્ન હોય છે. છતાં ય એ મહાબળ યુકત છે.

બીજી શકિત જોમ અને જુસ્સાથી ભરેલ બુદ્ધિ છે. શ્રી અરવિંદ એને ખૂંધવાળી અને અવિનયના વસ્ત્ર પહેરીને લાલ ગધેડા પર બેઠેલી કહે છે. વિશ્વને વીંટળાયેલી ગૂઢ જવાળા એટલે કે તૈજસ અહંકારમાંથી એનો જન્મ થયો છે. કપિલ ભગવાને ચોવીસ તત્ત્વોનું વર્ણન કરતાં કહ્યું છે કે तैजसात्तु विकुर्वाणाय बुद्धि तत्त्वमभूत सति । (કપિલ ગીતા. ૨૯)

તૈજસ અહંકારમાં વિકાર ઉત્પન્ન થતાં તેમાંથી બુદ્ધિ તત્ત્વ ઉત્પન્ન થયું. કપિલદેવે શાસ્ત્રોકત રીતે બુદ્ધિનું કાર્ય પદાર્થોને પ્રકાશ થવા રૂપ વિજ્ઞાન અને ઇન્દ્રિયોની ક્રિયામાં મદદ ગણાવ્યું છે, અને સંશય-વિપર્યય-નિશ્ચય-સ્મૃતિ અને નિદ્રા એની વૃત્તિઓ ગણાવી છે.

શ્રી અરવિંદ અહીં કાવ્યાત્મક રીતે બુદ્ધિનું લક્ષણ બતાવે છે. જવાલા છલંગે ઊંચે આકાશમાં ચડે છે અને પડીને નરક-

માં ગરકાવ થઈ જાય છે. એની ઉજ્જવળ શકિત એ મેલા ઇરાદા માટે વાપરે છે. આ બુદ્ધિ શકિતથી સજ્જ થયેલું મન અનેક રંગ ધારણ કરે છે. વિષય સુખ માટે એની જીભ લપલપતી હોય છે. જ્ઞાનનો એ અનાદર કરે છે. પણ જાણ્યે-અજાણ્યે તત્ત્વની દિશામાં આગળ જવાનો પ્રયત્ન કરે છે. ભૂલ કરવી એ એનો સ્વભાવ છે. આત્માના માર્ગનું એને જ્ઞાન નથી.

ત્રણેયમાં મનની સહુથી મોટી શકિત છે.-તર્ક બુદ્ધિ. જગતમાં જીવનારાં અને મરનારાંનું એ નિરીક્ષણ કરે છે. કોઈ પણ બાબતને ઘણાં ઉંડાણથી તપાસવી એ એનું શસ્ત્ર છે. દિશા, કાળ, આકાશ, પૃથ્વી, તારા આ એના અવલોકનનો વિષય છે. કશુંય જાણતી નથી છતાંય સઘળું જાણી લેવાની આશા કરે છે. પદાર્થોના મૂળને શોધી કાઢવાની ચેષ્ટા કરે છે. સર્વને નિયમ બદ્ધ બનાવી દેવાનો એ આગ્રહ રાખે છે. ઇન્દ્રિયોના બંધનમાંથી મુક્ત હોવા છતાં એ મનની દિવાલ કુદી શકતી નથી. શંકાથી એ પીડાતી રહે છે. અજ્ઞાનનો અંધકાર તર્કશકિતના તેજથી ટળતો નથી. એનો શ્રમ કોઈ નિર્ણય લાવી શકતો નથી. વાદ-વિવાદ પર એને પ્રેમ હોય છે. જડ દ્રવ્યને જ એ સાચું માને છે. યાંત્રિક પ્રકૃતિની ચાવીની શોધમાં રહે છે. પણ આગળ જતાં કોઈ અરૂપ શકિતએ તર્ક બુદ્ધિને સ્પર્શ દીધો ત્યારે એના જૂના ખ્યાલો તૂટી પડ્યા. તર્કશકિતથી સત્યના દર્શન થઇ શકતાં નથી.

આ ત્રણ શકિતથી ઉપર મનના બીજા બે બળો રહેલાં છે. એક છે પ્રાણમય વિચાર અને બીજું છે શુદ્ધ વિચારમય મન. આ બંને બળને શ્રીઅરવિંદ ક્ષુદ્રમનના દેવતા કહે છે.

(ક્રમશઃ)



# મૌન સત્સંગનો મર્મ

—યોગેશ્વરજી

પ્રશ્નઃ—મૌન સત્સંગ કોને કહેવાય ? મૌન સત્સંગ નામની કોઈ વસ્તુ છે ખરી ?

ઉત્તરઃ—મૌન સત્સંગ શબ્દ પ્રયોગ સાચો છે. મૌન સત્સંગ અસ્તિત્વ ધરાવે છે અથવા હોઇ શકે છે. જે સત્સંગ બોલીને અથવા ઉપદેશ આપીને સ્થૂળ ભૂમિકાપરથી સ્થૂળ રીતે કરાતો હોય તે સત્સંગને સ્થૂળ અથવા વાચિક કહી શકાય. સમાજમાં મોટે ભાગે એવા જ સત્સંગો ચાલતા હોય છે. પરંતુ એનાથી જુદો, એક બીજી જાતનો, અતિવિરલ અપવાદરૂપ, સૂક્ષ્મ ભૂમિકાપરથી થતો સૂક્ષ્મ સત્સંગ પણ હોઈ શકે છે. એને મૌન સત્સંગ કહેવામાં આવે છે. મૌન સત્સંગ એટલે સ્થૂળ વૈખરી વાણીના ઉપયોગ કે પ્રયોગ વિના કરવામાં આવતો સત્સંગ. ઠંડીની ઋતુ હોય અને કોઇ એવા ખંડમાં પ્રવેશ કરીએ કે જેમાં હીટર કાર્ય કરતું હોય તો એમાં પ્રવેશ્યા પછી ઠંડી નથી લાગતી. હીટર કાંઈપણ બોલતું નથી; મૌનપૂર્વક કાર્ય કરે છે; તો પણ એના કાર્યની અસર આપણાપર અનાયાસે સ્વાભાવિક રીતે જ પડે છે. એનું ચોક્કસ પરિણામ પણ અનુભવાય છે. દીપક શાંતિપૂર્વક જલે છે તોપણ પોતાનું અંધકારનો અંત આણવાનું કાર્ય કર્યા કરે છે. દેવ મંદિરની મૂર્તિ બોલતી નથી, તે છતાંપણ જે કોઇ પોતાની પાસે પહોંચે છે, પોતાને પેખે છે, તેને શાંતિ આપે છે, પ્રેરણા તથા પથ પ્રદર્શન પહોંચાડે છે. એવી રીતે કેટલીકવાર કોઇક વિરલ અતિવિરલ અસાધારણ અપવાદરૂપ સિદ્ધ મહાપુરુષો પોતાની પાસે પહોંચનારા દર્શનાર્થી-

આ કે સત્સંગીઓની સાથે કોઇ પ્રકારનો સ્થૂળ વાર્તાલાપ કરવાને બદલે મૌન રાખે છે, અથવા વધારે સારા સુયોગ્ય શબ્દોમાં કહીએ તો સ્વાભાવિક રીતે જ મૌન રાખે છે, તો પણ એમની સંનિધિમાં બેસવાથી શાંતિ સાંપડે છે અને મંગલ માર્ગદર્શન મળે છે. એ આપણા પ્રશ્નોના મૂક છતાં ચોક્કસ અને પ્રબળ પ્રત્યુત્તર પુરા પાડે છે. એમની ઉપસ્થિતિમાં સાધકની સુષુપ્ત અથવા અર્ધજાગ્રત આત્મશક્તિ જાગી અને બળવાન બની ઉઠે છે. જે બોલવાથી કે પ્રવચનોથી ના થાય તે કલ્યાણકાર્ય એ કેવળ સંકલ્પથી, દૃષ્ટિથી કે સ્પર્શથી કરતા હોય છે એને મૌન સત્સંગ કહેવાય છે. એના સંબંધમાં એક સ્થળે વર્ણન કરવામાં આવ્યું છે કે વટવૃક્ષની નીચે શિષ્યો બેઠા છે તે વયોવૃદ્ધ છે અને ગુરુ યુવાન છે, ગુરુ મૌનરૂપી વ્યાખ્યાન આપી રહ્યા છે અને શિષ્યોના સઘળા સંશયો છેદાઇ ગયા છે. એ કેટલું બધું આશ્ચર્યકારક છે?

चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।
गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ॥

પ્રશ્નઃ–મૌન સત્સંગની લોકોત્તર શકિતને સંપાદન કરવા-માટે શું કરવું જોઇએ?

ઉત્તરઃ–સાધના કરવી જોઇએ.

પ્રશ્નઃ–કેવા પ્રકારની સાધના?

ઉત્તરઃ–અંતરંગ સાધના એટલે કે ધ્યાન, નામજપ, જીવનની વિશુદ્ધિ માટે આત્મનિરીક્ષણ તપ, વ્રત, સત્સંગ તથા પ્રાર્થના. એમનો અનુરાગપૂર્વક આધાર લેવો જોઇએ

પ્રશ્નઃ–એવા મૌન સત્સંગની શકિતવાળા સિદ્ધો કે સંતપુરુષો આજના જમાનામાં હશે ખરા?

ઉત્તરઃ–આજના જમાનામાં પણ એવા અસાધારણ લોકોત્તર શકિતસંપન્ન મહાપુરુષો છે. એ સર્વકાળમાં રહેતા અને



એમનું કલ્યાણકાર્ય કરતા હોય છે. એ દેશકાળનાં સ્થૂળ બંધનોથી અને સ્થૂળ ભૌતિક નિયમોથી પર હોય છે. જે ધારે અને આતુર બને એ મેળવી શકે છે. પરંતુ એને માટે અનિવાર્ય આવશ્યકતા છે એમનો લાભ લેવા માગનારા સાચા જીજ્ઞાસુ સાધકોની. એવા સાધકો પણ જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે ક્યાં મળે છે? એવા સત્ત્વશીલ સાધકો પણ વિરલ અતિવિરલ હોય છે.

પ્રશ્નઃ–તમે જેમના સંપર્કમાં આવ્યા હો એવા મૌન સંત્સંગની શકિતવાળા થોડાક સત્પુરુષોના નામોનો નિર્દેશ કરી શકશો?

ઉત્તરઃ–ઉત્તરકાશીમાં અગાઉ વર્ષો પહેલાં રહેતા મૌની મહાત્મા નાગાજી, ગંગોત્રીના મહાન યોગી કૃષ્ણાશ્રમજી, દક્ષિણ ભારતના ભગવાન રમણ મહર્ષિ અને ગણેશપુરીના સ્વામી નિત્યાનંદજી

પ્રશ્નઃ–સત્સંગ એટલે શું?

ઉત્તરઃ–સત્ શબ્દ ઉપનિષદોમાં અજન્મા, અવિનાશી, અવિકારી, અપરિવર્તનશીલ પરબ્રહ્મ પરમાત્માના સંબંધમાં પ્રયોજવામાં આવ્યો છે. એ પરમાત્માનો સંપર્ક, સમાગમ, સંગ સાક્ષાત્કાર તે સત્સંગ. એને માટેના સાધનાત્મક અભ્યાસક્રમને પણ સત્સંગ કહેવાય. એવો અભ્યાસક્રમ અંતરંગ અને બહિરંગ બંને પ્રકારનો હોઈ શકે, બહિરંગ સાધનાત્મક અભ્યાસક્રમને પણ સત્સંગ કહેવાય, પૂજન તીર્થાટન, શાસ્ત્રના શ્રવણ મનન વાંચનનો આધાર લઇને ધ્યાનાદિ અંતરંગ અભ્યાસક્રમમાં પ્રવેશીને પરમાત્માનો સાક્ષાત્કાર સધાય છે. ત્યારે સત્સંગ સાચા સંદર્ભમાં સફળ થાય છે અને પરિપૂર્ણ બને છે.

પ્રશ્નઃ–ગુણાતીતનો અર્થ સમજાવશો.

ઉત્તરઃ–પ્રકૃતિના ગુણો ત્રણ છે એ તો સહુ જાણો છો–સત્ત્વ, રજસ્ અને તમસ્. આ દુનિયામાં માણસ પોતાનો વ્યવહાર આ ત્રિગુણાત્મક પ્રકૃતિના ગુણો પ્રમાણે કરે છે.

સત્વગુણ જ્યારે પ્રધાનપણે પ્રવર્તતો હોય ત્યારે માણસમાં જ્ઞાન, શાંતિ ને તેજ દેખાય છે. પરંતુ જ્યારે રજસ્નું પ્રાધાન્ય હોય ત્યારે વ્યક્તિમાં પ્રવૃત્તિશીલતા ને લોભ વધે છે. તમસ્નું ફલ અજ્ઞાન, પ્રમાદ કે આળસ છે.

સામાન્ય રીતે લોક વ્યવહાર માટે આ ત્રણે ગુણો વત્તા ઓછા પ્રમાણમાં આવશ્યક છે. જે સંતપુરુષ ખરેખર ગુણાતીત બન્યા હોય તેમના ઉપર આ ગુણો શાસન નથી કરતા પરંતુ આ ગુણો ઉપર એનું શાસન ચાલે છે. દાખલા તરીકે એક માણસ પાસે ધન છે. એ ધન એનું છે. એ ધનનો ઉપયોગ જરૂર પડે ત્યારે જ તે કરે છે. ન જરૂર હોય ત્યારે એ એનો વિચાર સુદ્ધાં નથી કરતો આવો ધનિક–એ ધનાતીત કહેવાય. એજ પ્રમાણે પ્રકૃતિના જે ત્રણ ગુણો છે, તેનાથી સાચા સંત કે યોગી અતીત છે, પર છે. તે ગુણોને વશવર્તીને ચાલતા નથી. પરંતુ જ્યારે અને જ્યાં જે ગુણની જરૂર પડે, ત્યારે ને ત્યાં એ ગુણનો આશ્રય કરી, પ્રવૃત્તિ કરે છે, પરંતુ ‘ તદ્દન અલિપ્તભાવે, દૃષ્ટાભાવે. કોઈપણ પ્રવૃત્તિથી એ લેપાતા નથી. એ તો હંમેશ આત્મનિષ્ઠ જ હોય છે ને રહે છે.

ભગવાન વેદ વ્યાસે ગીતામાં ગુણાતીતનો શબ્દ પ્રયોગ કર્યો છે અને તેનો અર્થ સ્થિતપ્રજ્ઞ, કે યોગીના જેવો જ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્રે પોતાના એક પદમાં દેહાતીત શબ્દનો પ્રયોગ કર્યો છે, જેમ કે

“ દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત.”

અહીં દેહાતીત શબ્દનો પ્રયોગ ગુણાતીતને મળતો આવે છે, એનો અર્થ પણ ગુણાતીત જેવો જ છે.



# રામકથા

શ્રી યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

[શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ આ રામકથા]

એટલું કહેતાં સીતા અતિશય લાગણીવશ બની ગઈ. આંખમાં આંસુની માળા સાથે એ કહેવા લાગી : ‘તારી આંખમાં આંસુ જોઈને મને કેવું કે થઈ જાય છે. મારું હૈયું હાલી ઊઠે છે. તું કદાચ નહિ માને, પણ સાચુ કહું છું કે તારા માટે હું મારા પ્રિયમાં પ્રિય પદાર્થનો પણ ત્યાગ કરી શકું એમ છું. તારા સુખ, સંતોષ અને આનંદને માટે રઘુનંદન રામનો ત્યાગ કરવો પડે તો પણ શું ? એવો ત્યાગ હું હસતા હસતા કરી શકું પરંતુ તને દુઃખી તો નજ કરું ?

બન્ને લાંબા વખત લગી શાંત રહ્યાં એટલે ઊર્મિલાએ કહ્યું: ‘અત્યાર સુધી તો બધું ધ્યાન તારા સ્વયંવર તરફ જ મંડાયલું હતું. હવે એની સુખદ સમાપ્તિ થઈ એટલે મન તારી વિદાયના અને એને પરિણામે પડનારા પ્રત્યાઘાતોનાં વિચારો કરવા માંડયું. એનો વ્યાપાર કેટલો બધો અદ્દભૂત છે ? ઈચ્છું છું કે એને વેદનાવશ ના થવું પડે. વિધાતા એટલી કૃપા જરૂર કરે !’

‘વિધાતાની કૃપા તારા પર નહિ થાય તો બીજા કોના પર થશે ? તારૂં હૃદય પરગજુ તથા પવિત્ર છે એટલે તારું કહેવું તો એ જલદી સાંભળશે.’

‘આપણી આજની વાતચીત હર્ષશોકનાં સંમિશ્રણવાળી રહી, અવસ્થા આપણા સમસ્ત જીવનની ના થાય એટલું તો જરૂર ઈચ્છુ.’

'જગદંબા દયાળુ છે. એ એવું નહિ થવા દે.'

'હું પણ એવું જ માનું છું.'

સીતાથી છૂટી પડીને ઊર્મિલા પોતાના ભવ્ય રાજપ્રસાદના ઉદ્યાનમાં આવીને આમતેમ ફરવા લાગી. એના મનમાં એજ વિચારો રમી રહેલા અને એની આંખ આગળ ધનુષ્ય ભંગના અને બીજાં દૃશ્યો અવારનવાર ફરતાં રહેતાં. એની પ્રતિક્રિયા રૂપે એનાં મનમાં સુખ-દુઃખની મિશ્રિત લાગણી પેદા થયા કરતી. રામ, લક્ષ્મણ અને પરશુરામનો સંવાદ પણ એને કાને અથડાવા લાગ્યો. છેલ્લે છેલ્લે થયેલી સીતા સાથેની વાતચીત પણ એ વાગોળવા લાગી.

એ વાતચીતે એના હૃદયને ફરી વાર કરુણ કરી દીધું. એની આંખ ફરી વાર ભરાઈ આવી અને એ લાગણીવશ બનીને એ સુંદર વૃક્ષની છાયામાં બેસી ગઈ.

એ વૃક્ષ અશોકનું હતું. એણે એને બાલપણમાં ખૂબ પ્રેમથી પાણી પાયેલું. એને નિહાળીને એણે મનોમન કહેવા માંડ્યુ. 'અશોક' તું શોકરહિત દેખાય છે; તારા નામ પ્રમાણે તું મારા જીવનને પણ શોક રહિત કરી દે અને અખંડ આનંદથી ભરી દે; મારી કામના પૂરી કરજે. એટલે તારી જેમ મારું જીવન પણ અશોક બની જશે, તારી છાયા મને ઘણીજ પ્રિય લાગે છે.

એટલામાં તો પાછળથી કોઈનો પગરવ સંભળાયો.

ઊર્મિલાએ પાછળ જોયું તો નિષ્કામ આવતો હતો.

પહેલાં તો એના માનવામાં ન આવ્યું પરંતુ પાછળથી બરાબર જોતા એને ખાતરી થઇ ગઈ કે એ નિષ્કામ જ છે.

આજે એ ઘણા દિવસે દેખાયો.



નિષ્કામે પાસે આવીને ઊર્મિલાની સામે બેસતા કહ્યું : 'મારું આગમન તને ગમ્યું કે નહિ?

ઊર્મિલાએ ટૂંકમાં જ ઉત્તર આપ્યો : 'શા માટે ન ગમે?'

'એ તો કાંઇ મારાથી કહી શકાય છે? કોઈના મનના ગૂઢ ભાવો-માપવાની શક્તિ મારામાં નથી આવી, એવી શક્તિ હોત તો તો પછી જોઇતું જ શું?

'તારા પિતા શતાનંદે એવી કાંઈ વિદ્યા નથી શિખવી?'

'ના, એવી વિદ્યા તો એ પણ નથી જાણતા.'

'પરંતુ તું દેખાયો ઘણા લાંબા વખતે.'

'હા, હમણાંથી જરા વધારે પડતા વિચારમાં રહેતો હતો એટલે મને કશું ગમતું નહિ.

'શેના વિચારો?'

'સાચુ કહું તો તારા જ વિચારો મને વીંટી વળે છે. તારા જ ભાવો મારા મનની અંદર ઉભરાયા કરે છે. મનને ઘણું ઘણું સમજાવવું છું. પરંતુ એ નથી માનતું. તારા માટે મારા હૃદયમાં પેદા થયેલા અને વેગથી ઊછળી રહેલા. પ્રેમની વાત મેં તને કરી હતી તે વખતની તારી પ્રતિક્રિયા એટલી બધી સારી ન હતી. છતાં પણ મને થયું કે તારા પ્રેમની ભિક્ષા ફરીવાર માગી જોઉં.'

(ક્રમશ.)

## પૂ. શ્રી યોગેશ્વરજીના જન્મદિન

# ૧૫મી ઓગસ્ટનો કાર્યક્રમ

પ. પૂ. શ્રી યોગેશ્વરજી આ વર્ષે તા. ૧૫મી ઓગસ્ટે અમદાવાદ ખાતે છે. તે દિને તેઓ સાધક ભાઈબહેનોને બપોરે ૧૨-૩૦ થી ૨-૦૦ સુધી "સકલ એપાર્ટમેન્ટસ, નારણપુરા પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૧૩ ના સ્થળે મળશે.

વળી સાંજે ૬-૦૦ થી ૮-૦૦ એચ. કે. કોલેજ, આશ્રમ-રોડ, ખાતે પ. પૂ. શ્રી યોગેશ્વરજીનું જાહેર પ્રવચન "**ભારતીય સંસ્કૃતિનો મર્મ**" એ વિષય ઉપર રાખવામાં આવેલું છે. તે દિવસે બહારગામથી આવતા સાધક ભાઇ બહેનો માટે ઉતારા, કે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ નથી, તેની નોંધ લેવા વિનંતી છે.

ઉપરોક્ત સરનામે કોઇએ પૂ શ્રી કે પૂ. માશ્રી સર્વેશ્વરી સાથે પત્ર વ્યહવાર કરવો નહિ. પૂ. શ્રીનું અમદાવાદ ખાતેનું પત્ર વ્યહવારનું સરનામું C/o શ્રી બાબુભાઇ વોરા ૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૯ છે.

### * લેખકોને નિમંત્રણ *

અધ્યાત્મમાં-લેખો, ભજનો ને ગીતો મોકલાવવા લેખકો-ને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ લેખો જ સ્વીકારવામાં આવશે. જે લેખકોને પોતાના ન સ્વીકારાયેલ લેખો પરત જોઇતા હોય, તેઓએ પોતાનાં લખાણ સાથે ૦-૭૦ પૈસાની ટિકિટ બીડવી આવશ્યક છે.

લખાણ કાગળની એક બાજુ ને મોટા અક્ષરે લખેલું હોવું જોઇએ. બીજા સામાયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખોની નકલો ન મોકલાવવા વિનંતિ છે.

### * ખાસ યોજના *

'અધ્યાત્મના ગ્રાહકો નોંધવા માટે કેટલાક યુવાન સાધકો-એ સુરત શિબિરમાં સારો એવો ઉત્સાહ દેખાડેલો. આથી અધ્યાત્મના સંસ્થાપક પ. પૂ શ્રી યોગેશ્વરજીની સૂચનાથી આવી રીતે ૨૫ ગ્રાહકો નોંધનાર સાધકને એક વર્ષ સુધી અધ્યાત્મનો અંક મફત મોકલવામાં આવશે. ઓકટો. ૮૩ થી આ યોજના અમલી બનશે.

# આત્મબળ

સાધનાની સફરમાં મક્કમ મનોબળ, ઉત્સાહ, ધીરજ, ખંત ને હિંમત, નીડરતા, સ્વતંત્રરીતે વિચારવાની ને જે વિચાર્યું હોય તેને આચારમાં ઉતારવાની શકિત તથા અદમ્ય આત્મવિશ્વાસ ને પ્રભુપરાયણતાની જરુર પડે છે. તેને જ વીર્ય કહેવામાં આવે છે. આત્મબળનું ભાથું ભરીને જે આગેકુચ કરે છે, તેને કોઇ જાતનો ભય નથી રહેતો. તેના વિકાસને માટે લેશ પણ સંદેહ નથી રહેતો. માટે જ આપણે આત્મિક માર્ગના મુસાફરોને વીર્યવાન થવાનું અથવા આત્મબળથી સંપન્ન બનવાનું કહીએ છીએ. એના સિવાય કોઇયે મુસાફર સફળતાપૂર્વક આગળ વધી શકયો નથી, ને ભવિષ્યમાં પણ આગળ વધી નથી શકવાનો. આત્મિક માર્ગની મંગલ મુસાફરીને માટે જેમણે પોતાની રીતે ઉમેદવારી પત્રક ભર્યાં છે અથવા તો જે ભરવાની તૈયારીમાં છે, જે થોડા ઘણા આગળ વધ્યા છે કે વધવાની ઇચ્છા રાખે છે, તેમણે આ વાત ખાસ યાદ રાખવાની છે.

—યોગેશ્વર

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ લોખંડ બજાર, ભાવનગર. ૨૮૧૭૨